પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૪૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૯-૦૨-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 142 PRICE :-RS. 1.50 DATE : 09-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# GSTના વિરોધમાં CAITએ ૨૬મી ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન કર્યું

ન્યુ દિલ્હી,

કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા-સીએઆઈટીએ જીએસટી વિરુદ્ધ ૨૬મી ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન કર્યું છે. સીએઆઈટીના ભારત બંધને સમર્થન આપતા ટ્રાન્સપોર્ટ સેક્ટરના સૌથી મોટા સંગઠન ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશને પણ ૨૬ ફેબ્રુઆરીએ દેશભરમાં ચક્કાજામ કરવાનું એલાન કરી દીધુ છે.




નાગપુરમાં સીએઆઈટીના આજથી શરુ થયેલા ત્રણ દિવસના રાષ્ટ્રીય વ્યાપાર સંમેલનમાં આ એલાન કરવામાં આવ્યું હતું, આ એલાન સીએઆઈટીના રાષ્ટ્રીય પ્રમુખ બીસી ભરતિયા અને રાષ્ટ્રીય મહામંત્રી પ્રવીણ ખંડેલવાલ સહિત ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશન પ્રમુખ પ્રદીપ સિંઘલે સંયુક્ત રીતે કર્યું હતું. આ સંમેલનમાં દેશના તમામ રાજ્યોના ૨૦૦થી વધુ મુખ્ય વ્યાપારી નેતાઓએ હિસ્સો લઈ રહ્યા છે.

સંમેલન દરમિયાન સંસ્થાએ જીએસટી કાઉન્સિલ દ્વારા જીએસટીના માળખાને પોતાના ફાયદા માટે તૈયાર કર્યું હોવાના આરોપ લગાવ્યા હતા.

## સમર્થનમાં ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશને દેશવ્યાપી ચક્કાજામ એલાન કર્યું

સીએઆઈટીનું કહેવુ હતું કે જીએસટી સંપૂર્ણ રીતે નિષ્ફળ ટેક્સ સિસ્ટમ છે. તેના મૂળ માળખા સાથે છેડછાડ કરવામાં આવી હતી. સંસ્થા મુજબ રાજ્ય સરકારો તેના સ્વાર્થના લીધે ટેક્સ સિસ્ટમને સરળ બનાવવામાં રસ દાખવી નથી રહી. દેશના વ્યાપારીઓ ધંધો કરવાને બદલે આખો દિવસ જીએસટીના ચક્કરમાં વ્યસ્ત રહે છે.

સીએઆઈટીના રાષ્ટ્રીય પ્રમુખ મુજબ જીએસટીની માથાકૂટ દેશની અર્થવ્યવસ્થા માટે પ્રતિકૂળ પરિસ્થિત છે. એવામાં જીએસટીના વર્તમાન માળખા પર નવેસરથી વિચારવાની જરુર છે. ચાર વર્ષમાં આશરે ૯૩૭થી વધુ વાર સુધારા કર્યા પછી જીએસટીનુ મૂળ માળખું બદલાઈ ગયુ છે. તેમના મુજબ વારંવાર કહેવા છતાં પણ જીએસટી કાઉન્સિલ એ કૈટની ભલામણોની અવગણના કરી છે અને વ્યાપારીઓએ પોતાનો અવાજ સંભાળવવા માટે ભારત વ્યાપાર બંધનો સહોર લવો પડે છે.

# હવે પૂછીશ તો તને પતાવી દઈશ, અહીં માણસને કહીને ઠોકાવી દઈશ

વડોદરા,

વડોદરામાં ભાજપ સામે બળવો કરીને અપક્ષ ઉમેદવારી કરનાર વાઘોડિયાના ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવના પુત્ર દિપક શ્રીવાસ્તવને ૩ સંતાન હોવાના આક્ષેપ સાથે ઉમેદવારી ફોર્મ રદ્દ કરવાની માગ ઉઠતા વિવાદ ઉભો થયો છે. આ મામલે મીડિયાકર્મીઓએ ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને પૂછતા તેઓ ગુંડાગીરી પર ઉતરી આવ્યા હતા અને મીડિયાકર્મીને ધમકી આપતા કહ્યું હતું કે, 'હવે પૂછીશ તો તને પતાવી દઈશ, અહીં માણસને કહીને ઠોકાવી દઈશ. હવે પછી બોલસો કે, મારા પુત્રને ૩ સંતાન છે, તમારી ઉપર દાવો કરીશ અને કેસ કરીશ.



૩ સંતાન નથી બે જ છે, પહેલા જ્યારે ચૂંટણી જીત્યો ત્યારે એક સંતાન હતું, હવે બીજુ છું, ૩ સંતાન છે જ નહીં, તમારી પાસે પ્રુફ હોય તો લાવો. બાકી વાત કરતા પહેલા વિચાર કરજો. જે દાવો કરે છે તેની સામે પણ કેસ કરીશ અને કોર્ટમાં ખેંચી જઈશ. અપક્ષમાં ફોર્મ ભર્યું છે. ચૂંટણી અધિકારી તેનો નિર્ણય કરશે. ૩ નહીં વાઘોડિયા મત વિસ્તારમાં ટોટલ ૪૭ હજાર છોકરાઓ છે એમના. હવે કંઈ કહેવુ છે. મારો પુત્ર એક હજાર ટકા ચૂંટણી લડવાનો છે, એમાં કોઈ નવાઈ નથી. આવી રીતે તમે કડવા શબ્દો પૂછો છો, હવે ના પૂછો છો તો સારૂ, નહીં તો બીજી વખત ઉભો પણ નહીં રાખીશ. આટલુ ધ્યાન રાખજો. બીજુ કંઈ પૂછીશ નહીં, નહીં તો અહીં જ તને પતાવી દઈશ, અહીં માણસને કહીને ઠોકાવી દઈશ, આટલુ ધ્યાન રાખજે.

એક વર્ષ પહેલા વાઘોડિયાના ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ સરકારના મહેસૂલ મંત્રી કૌશિક પટેલની કામગીરીથી નારાજ થયા હતા. આ મુદ્દે મીડિયાકર્મીઓએ સવાલ પૂછતા સંસ્કારી ગણાતા ભાજપના મધુ શ્રીવાસ્તવ મીડિયા કર્મીઓ પર ગુસ્સે થઈ ગયા હતા. અને ધક્કો મારીને હુમલાનો પ્રયાસ કર્યો હતો. અને પત્રકારોને માં-બહેનની ગંદી ગાળો દઈ કેમેરા ખેંચ્યા હતા અને હવે ફરીથી મીડિયાકર્મીને પતાવી દેવાની ધમકી આપી છે.

# ઉત્તરાખંડમાં ટનલમાં રેસ્ક્યૂ ચાલુ, હજુ ૩૦ લોકો ફસાયેલા, ૨૦૦થી વધુ ગુમ

ચમોલી,

ગઈકાલે ઉત્તરાખંડના ચમોલીમાં ગ્લેશિયર તૂટતાં ભારે તબાહી મચી છે. અહીં પાણીના પ્રવાહમાં પાવર પ્લાન્ટ, પુલ અને ઘરોથી માંડીને ઘણા લોકો પણ તણાઈ ગયા છે. અત્યાર સુધી ૧૫ લોકોના મૃતદેહ મળ્યા છે. જ્યારે ૨૦૦થી વધુ લોકો ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે સ્થાનિક તંત્ર, સેના અને એનડીઆરએફ દ્વારા રેસ્ક્યૂ ચાલી રહ્યું છે.

આ દૂર્ઘટનામાં લગભગ ૨૦૩ લોકો ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે ૧૫ મૃતદેહ મળ્યા છે. તપોવનની નાની ટનલમાં રેસ્ક્યૂ કરી ૧૨ લોકોને સલામત રીતે બચાવવામાં આવ્યા છે. જ્યારે મોટી ટનલમાં કાટમાળ દૂર કરવામાં આવી રહ્યું છે. આર્મી સહિત એજન્સીઓ સતત બચાવ કામગીરી કરી રહી છે. જો કે, આ ટનલ લગભગ બે કિમી લાંબી છે અને હાલ લગભગ ૧૦૦થી ૨૦૦ મીટર સુધીનો જ માર્ગ સાફ થયો છે.

તપોવન ટનલ પાસે આઈટીબીપીનું રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. અહીં સ્નિફર ડોગની મદદ લેવાઈ રહી છે. સોમવારે સવારે ઉત્તરાખંડમાં વાયુસેના રેસ્ક્યૂ ઓપરેશનમાં જોડાઈ છે. સાથે જ દેહરાદૂનથી પણ જોશીમઠ માટે જવાનોને મોકલવામાં આવી રહ્યાં છે.



કહેવાઈ રહ્યું છે કે, એક સુરંગમાં લગભગ ૩૦ લોકો ફસાયેલા છે. જ્યારે ૩૦૦ જવાનો દ્વારા ટનલ સાફ કરવામાં આવી રહી છે. સ્થાનિક તંત્રનું કહેવું છે કે, લગભગ ૧૭૦ લોકો ગુમ છે. જ્યારે ગઈકાલે ૧૨ લોકોને બચાવવામાં આવ્યા હતા, તે એક બીજી ટનલ હતી.

બીજી બાજુ, ચમોલી પાસે રૈની ગામમાં રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. અહીં ઋષિ ગંગા પ્રોજેક્ટને ભારે નુકસાન પહોંચ્યું છે. જ્યાં કેટલાક લોકો દટાયા હોવાની આશંકા છે.

# કસ્ટોડીયલ ડેથ મામલોઃ પોલીસના ૬ કર્મચારીઓને કરાયા સસ્પેન્ડ

કચ્છ,

કચ્છ મુન્દ્રામાં કસ્ટોડીયલ ડેથ મામલે ફરાર પોલીસ કર્મચારીઓના પોસ્ટર સળગાવવામાં આવ્યા હતા. મુખ્ય સૂત્રધાર ફરાર પોલીસ કર્મચારીઓના બેનર સળગાવીને વિરોધ કરવામાં આવ્યો હતો.આ સમગ્ર મામલે પોલીસના ૬ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઘરફોડ ચોરીના એક બનાવમાં મુંદરા પોલીસ દ્વારા શકમંદ તરીકે ઉઠાવાયેલા સમાઘોઘા ગામના બીજા યુવકનું પણ સારવાર દરમિયાન મોત નિપજતા ગુજરાતભરના ચારણ સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. પોલીસ દમનાથી મરણ પામેલા યુવકના બનાવનો વિરોધ કરવા આજે મુંદરા બંધનું એલાન આપવામાં આવ્યુ છે. અમદાવાદ સિવિલ હોસ્પીટલ ખાતે સારવાર દરમિયાન યુવકનું શનિવારે મૃત્યુ થયા બાદ પરિવાર અને સમાજ દ્વારા જ્યાં સુધી તમામ આરોપીઓ નહી પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈક્કાર કરી દીધો હતો.

કચ્છના મુંદરા તાલુકાના સમાઘોઘા ગામના બબ્બે યુવકોના પોલીસના મારાથી મોત નિપજવાના લીધે કચ્છ સહિત રાજયભરના ચારણ સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. અમદાવાદ સિવિલ હોસ્પીટલ ખાતે કચ્છ ઉપરાંત ગુજરાતના મોભીઓ દોડી ગયા હતા. તમામ આરોપીઓને પકડી પાડવાની માંગ દોહરાવી હતી. દરમિયાન, કચ્છ ગઢવી ચારણ મહાસભાના પ્રમુખ વિજય ગઢવી અને સમાજના અન્ય આગેવાનોએ પણ એક બેઠક યોજીને ભાવિ કાર્યક્રમો અંગે રણનિતી ઘડી હતી. તો બીજીતરફ, સોમવારે સવારે સાડા નવ વાગ્યે સમાઘોઘા ખાતે સમસ્ત ચારણ સમાજની એક જાહેર સભા બોલાવવામાં આવી છે. માંડવી-મુંદરા સહિત ચારણ ગઢવી સમાજની બહુમતિવાળા ગામોને સોમવારે સ્વયંભુ બંધ પાળીને તેમનો શોક અને વિરોધ પ્રગટ કરવા એલાન આપવામાં આવ્યુ છે.





(અનુ.પાના.નં.૨)

# ટ્વીટરને ખેડૂત આંદોલન મામલે વધુ ૧૨૦૦ જેટલા એકાઉન્ટ હટાવવા હુકમ

ન્યુ દિલ્હી,

ખેડૂત આંદલનની આડમાં ભારતમાં હિંસા અને અશાંતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે વિદેશથી સતત ટ્વિટ થઈ રહ્યા છે. જેની અંદર સેંકડો ટ્વિટ પાકિસ્તાની અને ખાલિસ્તાની સમર્થક ટ્વિટર હેન્ડલ પરથી કરવામાં આવી રહ્યા છે. ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મંત્રાલય દ્વારા ભારતની એકતા અને અખંડતા માટે જોખમી ૧૧૭૮ એકાઉન્ટની માહિતિ ટ્વિટરને સોંપી છે અને તેના ઉપર કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.



સૌથી આશ્ચર્યજનક વાત તો એ છે કે ટ્વિટરના સીઈઓ જૈક ડોર્સી દ્વારા પણ આવા ટ્વિટને લાઈક કરવામાં આવી રહ્યા છે. મંત્રાલય દ્વારા આવા એકાઉન્ટની યાદી ચાર ફેબ્રુઆરીના દિવસે જ ટ્વિટરને સોંપી દેવામાં આવી છે. પરંતુ અત્યાર સુધી ટ્વિટર દ્વારા તેમના ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

(અનુ.પાના.નં.૨)

## રાષ્ટ્રપતિના અભિભાષણ પર રાજ્યસભામાં ધન્યવાદ પ્રસ્તાવ પર બોલ્યા વડાપ્રધાન

# MSP હતી, MSP છે અને MSP રહેશે, આંદોલન બંધ કરોઃ મોદી

ન્યુ દિલ્હી,

કૃષિ કાયદાની વિરુદ્ધ ખેડૂત આંદોલનની જ્વાળા પંજાબથી ઊઠી અને હરિયાણાને પોતાનામાં શમાવતા પશ્ચિમ યૂપી સુધી ફેલાઈ ગઈ છે. પંજાબમાં જ્યાં ખેડૂતો રોડ પર ઉતર્યા છે તો પશ્ચિમ યૂપીમાં ખાપ પંચાયતોનો તબક્કો ચાલી રહ્યો છે. આવામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર રાજ્યસભાને જવાબ આપ્યો તો આંદોલનકારી ખેડૂતોને સાધવાનો પણ પ્રયત્ન કર્યો. પીએમ મોદીએ ચૌધરી ચરણસિંહનો ઉલ્લેખ કરીને પશ્ચિમ યૂપીના ખેડૂતોને સંદેશ આપ્યો તો શીખ સમુદાયને દેશની શાન ગણાવીને પંજાબના આંદોલનકારી ખેડૂતોના દિલ જીતવાનો પ્રયત્ન કર્યો.



કૃષિ કાયદાના મુદ્દા પર ચાલી રહેલા આંદોલનને લઈ પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે ટેકાના ભાવ હતા, છે અને રહેશે. એવામાં ખેડૂતોના આંદોલનને ખત્મ કરવું જોઈએ અને ચર્ચા ચાલુ રાખવી જોઈએ. આ સિવાય કેટલાંય મુદ્દા પર પીએમ મોદીએ વિપક્ષ પર કટાક્ષ કર્યા.

આપણી ખેતીને ખુશાલી બનાવા માટે આ સમયને ગુમાવવો જોઈએ નહીં. પીએમે કહ્યું કે આપણા કૃષિમંત્રી સતત ખેડૂતોની સાથે વાતચીત કરી રહ્યા છે. હજુ સુધી કોઈ તણાવ પેદા થયો નથી. એકબીજાની વાત સમજવાનો, સમજાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. અમે આંદોલન કરનારાઓને પ્રાર્થના કરીએ છીએ કે આંદોલન કરવાનો બધાનો હક છે. પરંતુ આ રીતે વૃદ્ધ લોકો બેઠા છે એ યોગ્ય નથી તમે તેમને લઈ જાઓ. તમે આંદોલનને ખત્મ કરો. આગળ વધવા માટે સાથે બેસીને ચર્ચા કરીશું. હું ગૃહના માધ્યમથી પણ નિમંત્રણ આપું છું.

આપણે આગળ વધવું જોઈએ, દેશને પાછળ લઈ જવો જઈએ નહીં, પક્ષો હોય વિપક્ષ હોય આ સુધારાઓને આપણે તક આપવી જોઈએ. આ પરિવર્તનથી લાભ થાય છે કે નહીં. કોઈ કમી હોય તો ઠીક કરીશું, એવું તો નથી કે બધા દરવાજા બંધ કરી દીધા હોય. આથી જ હું કહું છું કે વિશ્વાસ અપાવું છું કે મંડીઓ આધુનિક બનશે, વધુ પ્રતિસ્પર્ધી બનશે. ટેકાના ભાવ છે , હતા અને રહેશે. આ સદનની પવિત્રતા સમજો. મહેરબાની કરીને ભ્રમ ના ફેલાવીએ કારણ કે દેશે આપણને વિશિષ્ટ જવાબદારી સોંપી છે.

પીએમ મોદીએ કહ્યું, “યાદ કરો, હું બે-ત્રણ વર્ષ પહેલાં અહીં આ ગૃહનું ભાષણ સાંભળતો હતો. મોબાઈલ ક્યાં છે, લોકો ડિજિટલ ટ્રાંઝેક્શન કેવી રીતે કરશે, આજે યુપીઆઈ તરફથી દર મહિને ચાર લાખ કરોડનું ટ્રાંઝેક્શન થાઈ રહ્યું છે. પાણી હોય, આકાશ હોય, અંતરિક્ષ હોય, ભારત દરેક ક્ષેત્રમાં તેની સંભાવના સાથે ઉભું છે. સર્જિકલ સ્ટ્રાઈક હોય, એર સ્ટ્રાઈક હોયપવિશ્વએ ભારતનું પરાક્રમ જોયું છે.

**PM** મોદીએ વિપક્ષને આડે હાથ લેતા કહ્યું કે અહીં લોકતંત્રને લઈ ખૂબ ઉપદેશ અપાય છે. તેમણે કહ્યું કે ભારતનું લોકતંત્ર એવું નથી કે તેની ખાલ આપણે ઉઝેડી શકીએ છીએ. હું ડેરેક (ઓ’બ્રાયન) જીની વાત સાંભળી રહ્યો હતો. જોરદાર શબ્દોનો પ્રયોગ થઈ રહ્યો હતો. હું સાંભળી રહ્યો હતો ત્યારે હું વિચારી રહ્યો હતો કે આ બંગાળની વાત છે? કોંગ્રેસના આપણા (પ્રતાપ સિંહ) બાજવા સાહેબ બોલી રહ્યા હતા, મને લાગી રહ્યું હતું થોડીવારમાં તેઓ ૮૪ સુધી પહોંચી જશે. ખેર એવું થયું નહીં. કોંગ્રેસ દેશને બહુ નિરાશ કરે છે, એક વખત ફરીથી એ જ કર્યું.

મોદીએ કહ્યું કે આપણે ત્યાં કોરોનાને લઈ ડરાવાની કોશિષો પણ થઈ. કેટલાંય નિષ્ણાતોએ પોતાની સમજના હિસાબથી કહ્યું. આજે દુનિયા એ વાત પર ગર્વ કરી રહ્યું છે કે ભારતે કોરોનાથી લડાઈમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. આ લડાઈ જીતવાનો યશ કોઈ સરકારને જતો નથી પરંતુ ભારતને તો જાય છે. વિશ્વની સામે આત્મવિશ્વાસથી બોલવામાં શું જાય છે. પીએમે કહ્યું કે તમારા સોશિયલ મીડિયા પર જોયું હશે, ફૂટપાથ પર ઝૂંપડીમાં રહેનાર માતા પણ બહાર દીવડો પ્રગટાવીને બેઠી છે. પરંતુ આપણે તેમની ભાવનાઓની મજાક બનાવી રહ્યા છે? તેમની મજાક ઉડાવી રહ્યા છે. તેમણે કહ્યું વિરોધ કરવા માટે કેટલાં મુદ્દા છે અને કરવો પણ જોઈએ પરંતુ એવું ના કરવું જોઈએ કે દેશનું મનોબળ તૂટે.

## MSP માટે કાયદો બનાવે સરકારઃ રાકેશ ટિકૈત

રાજ્યસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડુતોને આંદોલન સમેટવાની અપીલ કરી છે. જેના પર ખેડૂત નેતા રાકેશ ટીકૈતનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, એમએસપી પર સરકાર કાયદો બનાવે, નાના ખેડૂતો જ પ્રદર્શન કરી રહ્યાં છે. ટિકૈતે કહ્યું કે, મેં એ માગ કરી છે કે, એમએસપી પર સરકાર કાયદો બનાવે. એમએસપી પર કાયદો બનશે તો દેશના ખેડૂતોને ફાયદો થશે. આ આંદોલનમાં નાના ખેડૂતો જ પ્રદર્શન કરી રહ્યાં છે.

સરકાર સાથેની વાતચીત પર તેમણે કહ્યું કે, જો તેઓ વાતચીત કરવા માંગે છે તો અમે તૈયાર છીએ પરંતુ અમારું પંચ પણ તે અને મંચ પણ તે જ રહેશે. રાકેશ ટીકૈતે કહ્યું કે, આ બીલોને પરત ખેંચી એમએસપી પર કાયદો બનાવવો જોઈએ. ટિકૈતે કહ્યું કે ભૂખ પર વેપાર ન થવો જોઈએ. એવા કરનારાઓને બહાર નીકાળી દેવા જોઈએ.

ટીકૈતે કહ્યું કે, દુધના મામલામાં પણ દેશની સ્થિતિ સારી નથી. આવું જ ચાલતું રહ્યું તો તૂર્કી જેવી સ્થિતિ થઈ જશે અને દુધ પણ બહારથી મંગાવવું પડશે. તેમણે એમ પણ કહ્યું કે, વડાપ્રધાન મોદીએ અપીલ કરવી જોઈએ કે દરેક સાંસદો પોતાની પેન્શન છોડે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આઈ. એસ. વોરા
મુ. રીંછીંયા,
તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એમ. સી. પટેલ
મુ. પરોલી,
તા. ઘોઘંબા

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતોની ચૂંટણી યોજવા મહીસાગર જિલ્લા વહીવટીતંત્ર સજ્જ

લુણાવાડા, મહીસાગર જિલ્લા પંચાયત અને ૦૬(૬) તાલુકા પંચાયતોની ચૂંટણી યોજવા મહીસાગર જિલ્લા વહીવટીતંત્ર સજ્જ બન્યું છે. મહીસાગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણી આગામી તા.૨૮-૨-૨૦૨૧ના રોજ યોજવાની છે. જેમાં ઉમેદવારીપત્રો ભરવાની આજ તા. ૮/૨/૨૦૨૧ના રોજથી શરૂઆત થઇ ગઇ છે. ત્યારે આ ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને તટસ્થ માહોલમાં યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડે જણાવ્યું છે.

મહીસાગર-લુણાવાડાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડે જણાવ્યું હતું કે, ચૂંટણીઓમાં મતદાન કરવું એ દરેક નાગરિકનો અધિકાર છે, કોરોનાની પરિસ્થિતિમાં કોવિડ-૧૯ની ગાઇડલાઇન સાથે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા યોજાશે. તેમણે કહ્યું કે, રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૧ના રોજ નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. આજે તા. ૮મી ના રોજથી વિધિવત જાહેરનામું પ્રસિધ્ધ કરી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થઇ છે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તા.૧૩/૦૨/૨૦૨૧ છે. તા.૧૫/૦૨/૨૦૨૧ના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે. ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તા.૧૬/૦૨/૨૦૨૧ છે અને તા.૨૮/૦૨/૨૦૨૧ના રોજ સવારના ૭-૦૦ થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી મતદાન યોજાશે.

તેમણે કહ્યું કે, આ ચૂંટણીમાં કોવિડ પોઝીટીવ વ્યક્તિ ઉમેદવારી કરવા માંગતા હોય તેમના વતી તેમના ટેકેદાર કે દરખાસ્ત કરનાર વ્યક્તિ પણ ઉમેદવારી પત્ર ભરી શકે છે. જો કોવિડ પોઝીટીવ ઉમેદવાર જાતે જ ફોર્મ ભરવા માંગતા હોય તો અગાઉથી ચૂંટણી અધિકારીને જાણ કરી પી.પી.ઇ. કીટ પહેરીને ઉમેદવારી પત્ર ભરી શકે છે. તેમણે કહ્યું કે, ઉમેદવારની જેમ પોઝીટીવ મતદારે પણ મતદાન કરવા માટે અગાઉથી ચૂંટણી અધિકારીને જાણ કરવાની રહેશે. કોરોના પોઝીટીવ વ્યક્તિ પી.પી.ઇ. કીટ પહેરીને મતદાનના છેલ્લા એક કલાક દરમ્યાન મતદાન કરી શકશે. જેનાથી ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા સ્ટાફ અને સામાન્ય મતદારોની પણ સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

કલેકટરએ ઉમેદવારો પાંચ થી વધુ સંખ્યામાં ટુકડી બનાવી ડોર ટુ ડોર પ્રચાર કરી શકશે નહીં અને મતદારો પણ મતદાન કરવા આવે ત્યારે ફરજીયાત માસ્ક પહેરીને આવે અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે તે રીતે તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું છે. તેમણે કહ્યું કે આદર્શ આચારસંહિતાનું ચુસ્ત પાલન થાય તે માટે નોડલ ઓફિસરની નિમણુંક કરવામાં આવી છે. સભા, સરઘસ કે રેલીમાં કોવિડ-૧૯ ની એસ.ઓ.પી. નું ફરજીયાત પાલન કરવાનું રહેશે. રોડ શોમાં પાંચ થી વધારે વાહનો રાખી શકાશે નહીં તેમ જણાવ્યું હતું.

કલેકટર બારડે જણાવ્યું છે કે, ઉમેદવારે ફોર્મની સાથે જન્મ તારીખ અને જાતિનો દાખલો, સ્થાનિક સ્વરાજયનું દેવું બાકી નથી, શૌચાલય, બે બાળકો અંગેના જરૂરી સોગંદનામા સહિત નિયત ડિપોઝીટની રકમ ફોર્મની સાથે જમા કરાવવાની રહેશે.

જિલ્લા પંચાયતની ચૂંટણી લડતા ઉમેદવારો રૂા. ૪,૦૦,૦૦૦/- સુધીનો જયારે તાલુકા પંચાયતની ચૂંટણી લડતા ઉમેદવારો રૂા. ૨,૦૦,૦૦૦/- સુધીનો ખર્ચ કરી શકશે અને તેનો રોજે રોજ હિસાબ ચૂંટણી અધિકારીને આપવાનો રહેશે.

કલેકટરએ મતદારોને આ ચૂંટણીઓમાં શાંતિપૂર્ણ માહોલમાં ઉત્સાહપૂર્વક મતદાન કરી લોકશાહીના પર્વની સારી રીતે ઉજવણી કરવાની અપીલ કરી છે.

## મહીસાગરમાં ૦૨ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૦૧૨ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૮-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૧૨ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લાસમાં અત્યાર સુધીમાં કુલ ૧૯૫૨ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૨૩૬૩૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૪ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૮ દર્દી હોમ આઇસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૩ દર્દીઓ સ્ટેબલ અને ૦૨ દર્દીઓ ઓક્સિજન પર છે.

## ૩ વર્ષથી અલગ રહેતા પતિ-પત્ની વચ્ચે સમાધાન કરાવતી અભયમ મહિલા હેલ્પલાઈન




ગોધરા, મહિલાઓ માટે સતત કાર્યરત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વધુ એક મહિલાની વ્હારે આવી હોવાનો કિસ્સો ગોધરા ખાતે નોંધાયો હતો. પિયરમાં રહેતી એક પરિણીતાએ ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં કોલ કરી જણાવ્યું હતું કે તેમના ભાઈ અને પિતા તેઓની મારઝૂડ કરે છે.અભયમ રેસ્ક્યુ વાન સ્થળ પર પહોંચી પરિવાર સાથે વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે આ મહિલા સંજના બહેનને (નામ બદલેલ છે) અન્ય યુવક સાથે મોબાઈલમાં વાતચીત કરતા જોઈ જતા તેમના ભાઈ અને પિતાએ ગુસ્સે થઈ તેમની સાથે મારઝૂડ કરી હતી. અભયમ ટીમે આ રીતે દીકરીને મારઝૂડ કરવી અયોગ્ય હોવાનું સમજાવતા તેઓ એ હવે પછી કોઈ મારઝૂડ નહીં કરે તેની ખાતરી આપી હતી. બહેનને શાંતિથી બેસાડી પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તેઓ તેમના ૬ વર્ષના દીકરા સાથે છેલ્લા ૩ વર્ષથી પિયરમાં જ રહી રહ્યા છે. અભયમ કાઉન્સેલરે સંજના બહેનના પતિ અને સસરા સાથે વાતચીત કરી સમજાવતા તેઓ સમાધાન કરવા સંમત થયા હતા. અભયમની ટીમ સંજનાબહેનને લઈ તેમની સાસરીમાં ગયા હતા, જયાં તેમના સાસરીવાળા અને આગેવાનોની હાજરીમાં પતિ-પત્ની વચ્ચે સમાધાન કરાવ્યું હતું. બંનેએ હવે પછી બંને એકબીજાને અનુકૂળ થઈને રહેશે તેવી ખાતરી આપતા ત્રણ વર્ષથી ચાલ્યા આવતા મનદુખનો અંત આવ્યો હતો અને પરિવાર એક થયો હતો.

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણનો એક નવો કેસ નોંધાયો

- ૦૪ દર્દીઓ સારવાર બાદ ઘરે પરત ફર્યા.
- કુલ સક્રિય દર્દીઓની સંખ્યા ૧૬ રહી.
- કુલ કેસનો આંક ૩૯૫૫ થયો

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આજે કોરોનાનો એક નવો કેસ મળી આવ્યો છે. ગોધરા શહેરમાંથી આ એકમાત્ર કેસ નોંધાયો છે. ૦૪ દર્દીઓને દર્દીઓને રજા આપવામાં આવતા હાલ જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૧૬ થવા પામી છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૮૯૨ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૬૩ કેસ મળી આવ્યા છે. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૯૫૫ થવા પામી છે.

## બી. ફાર્મસી કોલેજ રામપુરા દ્વારા IM & I વિલ સ્લોગન પર વર્લ્ડ કેન્સર ડેનું આયોજન

ગોધરા, બી. ફાર્મસી કોલેજ, રામપુરા વર્ષ ૨૦૦૬ થી ફાર્મસીનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ (બી ફાર્મ) ચલાવે છે. સંસ્થા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અમદાવાદ સાથે જોડાણ ધરાવે છે. સંસ્થાએ એ.આઇ.સી.ટી.ઈ. અને ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની માન્યતા પ્રાપ્ત કરેલ છે. સંસ્થાના વુમન ડેવલપમેન્ટ સેલ તથા નેશનલ સર્વિસ સ્કીમ સેલના નેજા હેઠળ વર્લ્ડ કેન્સર ડે, ૨૦૨૧નું ૪ ફેબ્રુઆરીના દિવસે આયોજન કરવામાં આવ્યું. વડોદરા મેડીકલ કોલેજના રેડીએશન, ઓન્કોલોજી વિભાગના વ્યાખ્યાતા ડો.અનામિકા સાગરે કેન્સરના પ્રકાર, કેન્સરના તબક્કા સારવાર તથા નિવારણ વિશે સચોટ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું . કેન્સર અવેરનેસ પ્રોગ્રામને સફળ કરવામાં બી.ફાર્મસી કોલેજ રામપુરાના વાઈસ પ્રિન્સીપાલ ડો.સુરેશ જૈન, વુમન ડેવલોપમેન્ટ સેલ, એન.એસ.એસ.સેલ તમામ શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

## હાલોલ ગાંધી ચોક લાયબ્રેરીના ધાબા ઉપર થી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ, હાલોલ ગાંધી ચોક શાક માર્કેટ વિસ્તારમાં આવેલ લાયબ્રેરીના ધાબા ઉપર થી અજાણ્યા યુવકની લાશ મળી આવી પોલીસને જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી મૃતદેહને પી.એમ. અર્થે ખસેડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ ગાંધી ચોક શાકમાર્કેટ વિસ્તારમાં આવેલ લાયબ્રેરીના ધાબા ઉપર થી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો ન હતો. આ બાબતે હાલોલ પોલીસને જાણ થતાં ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહનો કબ્જો લઈને પી.એમ. અર્થે મોકલી આપવામાં આવ્યો હતો. અજાણ્યા યુવક મગજનો અસ્થિર હોવાનું સ્થાનિક દ્વારા જાણવા મળ્યું છે. પોલીસે આ બાબતે ફરિયાદ નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી.

## વડનગરમાંથી ૨૦૦૦ વર્ષ જુનો ૧૨ થી ૧૪ મીટર લાંબો કિલ્લો મળ્યો

વડનગર, અમરથોળ નજીક વર્લ્ડ કલાસ અંડરગ્રાઉન્ટ મ્યૂઝિયમ બનાવાઈ રહ્યું છે ત્યારે કેન્દ્રીય પુરાતત્વ વિભાગ દ્વારા પૃથ્વીના પેટાળમાં ધરબાયેલો ઈતિહાસ ઉજાગર કરવા માટે ફરી એકવાર ઉત્ખનન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ૨૦૦૦ વર્ષ જુનો ૧૨ થી ૧૪ મીટર લાંબો કિલ્લો મળી આવ્યો છે. ૫૦ મીટર જેટલો કોટ ખુલ્લો કરવામાં આવ્યો છે. ૨૦૦ મીટર જેટલો કોટ હજી પણ ખુલ્લો કરવામાં આવશે. અહીં ૧૦૦૦ વર્ષ જૂના અવશેષો મળી આવ્યા છે.

અદ્ભુત કહી શકાય તેવી શંખની કલાત્મક બંગડીઓ, ચાંદી, તાંબા-પિતળના સિક્કા, માટીના વાસણો અને મકાનો મળી આવ્યા હતા. આ ઉત્ખનન દરમિયાન રોજેરોજ નવી નવી વસ્તુઓ મળી આવે છે. જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે કુતુહલની સ્થિતી છે. અહીં મળી આવેલા મકાનો ગાયકવાડો અને સોલંકીકાળનાં છે. આ અંગેના અવશેષો પણ મળી ર્યા છે. પાકા રસ્તા, ગટર અને પાણીની સુવ્યવસ્થિત વ્યવસ્થા પાંચ કિલોમીટરનો કોટ મળી આવ્યો છે. જેના પગલે સિદ્ધ થાય છે કે વડનગરની નીચે એક ખુબ જ વ્યવસ્થિત નગર હતું. ગુજરાત કેટલું સમૃદ્ધ હતું તેનો પણ આ જીવતો જાગતો પુરાવો છે. અહીં અવશેષો મળશે ત્યાં સુધી પુરાતત્વ વિભાગ દ્વારા ખોદકામ કરવામાં આવશે. અહીંથી ખુબ જ ઐતિહાસિક વસ્તુઓ અને સંશોધકોને ખુબ જ મહત્વની વસ્તુઓ મળશે. દેશ તથા રાજ્યના સમૃદ્ધ ઈતિહાસનો ખ્યાલ મળશે. જ્યાં સુધી અવશેષો મળતા રહેશે ત્યાં સુધી ખોદકામ કરવામાં આવશે. તેવું પણ અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## હાલોલના આનંદપુરા ગામ પાસે અજાણ્યા વાહનની અડફેટે બે બાઈક ચાલકોના મોત

હાલોલ, હાલોલ-વડોદરા ઉપર બાઈક સવાર યુવાનો હાલોલ તરફ આવી રહ્યા હતા. તે દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બે યુવકોનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરા-હાલોલ હાઈવે રોડ ઉપર બે યુવકો બાઈક ઉપર હાલોલ તરફ આવી રહયા હતા. દરમ્યાન હાલોલના આનંદપુરા ગામ પાસે અજાણ્યા વાહને બાઈકને અડફેટમાં લીધી હતી. જેને લઈ બાઈક સવાર અશ્વિન પરમાર અને મનોર પરમારને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેમાં એક યુવાનનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. જ્યારે બીજા યુવાનનું સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોધાઈ.

## શહેરા તાલુકાના નયનાબેન પગી ગુમ થયા

ગોધરા, પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગાંગડીયાના ભૂતિયા ફળિયા ખાતે રહેતા નયનાબેન પ્રવિણસિંહ પગી ઉંમર વર્ષ ૨૩, તા. ૦૫/૧૦/૨૦૨૦ના સવારે ૧૦.૦૦ કલાકે કુદરતી હાજતે જવાનું કહી ઘરેથી ક્યાંક નિકળી ગયા છે. જેમની આજદિન સુધી કોઈ ભાળ મળી નથી. નયનાબેન શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણા અને આશરે પાંચ ફૂટની ઉંચાઈ ધરાવે છે. લીલા કલરની સાડી તેમણે પહેરેલ છે. તેઓ ગુજરાતી ભાષા જાણે છે. નયનાબેનની ભાળ મળ્યે શહેરા પોલિસ સ્ટેશનનો નં. ૦૨૬૭૦ ૨૨૬૨૩૩ ઉપર સંપર્ક કરવા વિનંતિ છે.

## શહેરા તાલુકાના સંગીતાબેન ભરવાડ ગુમ થયા

ગોધરા, પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકના તરસંગ ગામના પટેલના ફળિયા ખાતે રહેતા સંગીતાબેન ગેલાભાઈ ભરવાડ, ઉંમર વર્ષ ૧૯, તા. ૧૭/૧૦/૨૦૨૦ના સવારે પાંચ વાગ્યે કોઈને કહ્યા વગર ઘરેથી ક્યાંક નિકળી ગયા છે. જેમની આજદિન સુધી કોઈ ભાળ મળી નથી. સંગીતાબેન શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણા અને આશરે પાંચ ફૂટની ઉંચાઈ ધરાવે છે. તેઓ ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. સંગીતાબેનની ભાળ મળ્યે શહેરા પોલિસ સ્ટેશનનો નં. ૦૨૬૭૦ ૨૨૬૨૩૩ ઉપર સંપર્ક કરવા વિનંતિ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૯-૦૨-૨૦૨૧, મંગળવાર, પોષ વદ-૧૩, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્ર: હસ્ત

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરુ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૮ થી અભિજીત-૧૩-૨૩ સુધી ૧૦-૧૪ થી ચલ-લાભ-અમૃત ૧૪-૨૪ સુધી ૧૫-૪૮ થી શુભ ૧૭-૧૧ સુધી ૨૦-૧૧ થી લાભ ૨૧-૪૮ સુધી, ૨૩-૨૪ થી શુભ ૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૯-૧૮થી ૧૨-૦૫ સુધી, ૧૩-૦૧થી ૧૩-૫૩ સુધી, ૧૫-૪૮થી ૧૮-૭૫ સુધી, ૧૯-૩૯ થી ૨૦-૪૦ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૦૯.૦૨.૨૦૨૧ મંગળવાર

મેષ(અ.લ.ઈ.) :- યાત્રા પ્રવાસનું આયોજન થાય. માનસિક ચિંતા હળવી થાય. નોકરી-ધંધામાં રાહત. શુભ સમય

વૃષભ(બ.વ.ઉ.) :- ઈષ્ટદેવની ઉપાસનથી મુશ્કેલીમાં રાહત. દિવસ આનંદમય પસાર થાય. આરોગ્ય સુખાકારી.

મિથુન(ક.છ.ઘ.) :- નોકરીમાં બઢતી-ચઢતી શક્યતા. આવકનું પ્રમાણ જળવાઈ રહે. નાણાની ભીડ દૂર થાય.

કર્ક(ડ.હ.) :- રોજગારીની તકો મળે. ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ. કૌટુંબિક વાતાવરણ સુમેળ ભર્યું રહે.

સિંહ(મ.ટ.) :- વેપાર અર્થે થયેલો પ્રયાસ લાભદાયી બની રહે. નાણાની ભીડ દૂર થાય. આરોગ્ય સંભાળવું.

કન્યા(પ.ઠ.ણ.) :- વેપાર-નોકરી ક્ષેત્રે પ્રગતિ થાય. વિવાહ લગ્ન સંબંધી ઉત્તમ સમય. ધંધાકીય પ્રશ્નો ઉકેલી શકશો.

તુલા(ર.ત.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસના યોગ, આકસ્મિક ધન લાભ થાય. રોજગારીની નવી તકો ઊભી થાય.

વૃશ્ચિક(ન.ય.) :- નોકરિયાત વર્ગને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. અભ્યાસમાં પ્રગતિ.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- જમીન-વાહન-મકાનના યોગ. નાણાકીય સ્થિતિ મજબૂત જણાય. ચિંતા હળવી બને.

મકર(ખ.જ.) :- નોકરીમાં બઢતી-ચઢતીની શક્યતા. આકસ્મિક ધન લાભ થાય.

કુંભ(ગ.શ.સ.) :- વેપાર અર્થે થયેલા પ્રવાસ લાભદાયી બની રહે. નાણાની ભીડ દૂર થાય.

મીન(દ.ચ.ઝ.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ. આરોગ્યની ખૂબ જ સંભાળ લેવી.

(પાન નં.૧ નું ચાલુ)

### ટ્વીટરને ખેડૂત આંદોલન....

આ પહેલા ૩૧ જાન્યુઆરીના દિવસે પણ સરકારે ટ્વિટર ઉપરથી ૨૫૭ એકાઉન્ટને બ્લોક કરવા માટે કહ્યું હતું. જો કે તે સંબંધમાં પણ હજુ સુધી ટ્વિટરે કોઈ કાર્યવાહી કરી નથી. આ તમામ ૨૫૭ એકાઉન્ટ ફાર્મર જેનોસાઈડ હેશટેગ સાથે થયેલી ટવિટ સાથે જોડાયેલા છે. ટ્વિટર દ્વારા આવા હેન્ડલ પર કાર્યવાહી કરવાની જગ્યાએ તેને અભિવ્યક્તિની આઝાદી ગણાવી છે.

ટ્વિટરના આવા વર્તન સામે હવે સરકાર કાર્યનાહી કરવાનું વિચારી રહી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જો સરકારના આ નિર્દેશો ટ્વિટરને યોગ્ય નથી લાગતા તો કંપની સરકારને અદાલતમાં પડકારી શકે છે. પરંતુ ટ્વિટર તરફથી હજુ સુધી સરકારને અદાલતમાં કોઈ પડકાર આપ્યો નથી. સરકારે ટ્વિટરને જણાવ્યું છે કે સરકારે આઈટી એક્ટના સેક્શન ૬૯એ અંતર્ગત આ બધા નિર્દેશ કર્યા છે. કારણ કે ટ્વિટરના કારણે આંદોલનને લઈને ખોટી માહિતિનો પ્રસાર કરી રહ્યું છે.

### કસ્ટોડીયલ ડેથ મામલો.....

મુંદરાની સમસ્ત જનતાને બંધના એલાનમાં જોડાવવા આહ્વાન કરાયુ છે. સમાઘોઘાના યુવાનનું પોલીસ દમનાથી મોત થવાના પગલે સોમવારે મુંદરા બંધનું એલાન અપાયુ છે ત્યારે બંધના એલાનને વિવિધ સમાજો, જ્ઞાતિઓ અને સંસૃથાઓએ ટેકો જાહેર કર્યો છે. આ કિસ્સામાં આરોપીઓ હજુ પકડાયા ન હોવાથી આરોપીઓની ધરપકડ અને દોષીઓને સજા થાય તેવી માંગ સાથે ચારણ સમાજ દ્વારા અપાયેલા બંધના એલાનને મુંદરા તાલુકા સુમરા સમાજ, મહેશ્વરી સમાજ, દરજી સમાજ, સમસ્ત બ્રહ્મ સમાજ, માકપટ રબારી સમાજ, મુસ્લિમ સમાજ ઉપરાંત જુદી જુદી વેપારી સંસૃથાઓએ પણ બનાવને વખોડી બંધના એલાનને ટેકો આપ્યો છે.

(પાન નં.૪ નું ચાલુ)

### કાલોલના અડાદરા ગામે રીછો.....

ભાગીને ભુકકો થયો હતો. ૧૫ દિવસ અગાઉ બનાવવામાં આવેલ પાણી સપ્લાય માટે ટાંકીઓ મુકવા માટે ઈંટો સીમેન્ટનો ઉપયોગ કરીને પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું હોય તે હલ્કી ગુણવત્તાનું બનાવીને સરકારી ગ્રાન્ટમાં ખાયકી કરવાના ઉદ્દેશ સાથે બનેલ હતું. જેને લઈ પ્લેટફોર્મ ઉપર મુકવામાં આવેલ ટાંકીમાં પાણી ભરવા વજન સહન નહી કકરી શકતા ધારાશાઈ થવા પામી છે. ત્યારે પ્રશ્ન થાય કે આવી પાણી પુરવઠો ઘર-ઘર સુકી પહોંચાડવાની યોજનામાં થતાં કામોમાં પૂર્ણ થયેલ થી અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવેલી હોય છે. ત્યારબાદ રીપોર્ટ આપવામાં આવતો હોય ત્યારે કોન્ટ્રાકટરોને ગ્રાન્ટના ફાઈનલ બીલના નાણાં ચુકવવામાં આવે છે. પરંતુ અડાદરા ગામ રીછો પ્રાથમિક શાળા પાસે પાણીની ટાંકી મુકવા માટે બનાવેલ હલ્કી ગુણવત્તાનું પ્લેટફોર્મ પાણી ભરેલ ટાંકીનું વજન સહન નહિ કરી શકતા ધારાશાઈ થઈ છે. તે જોતાં આ યોજનામાં મોટા પ્રમાણમાં હલ્કી ગુણવત્તાની કામગીરી કરવામાં આવી છે. તે છતું થઈ રહ્યું છે. ત્યારે આ બાબતે સરકારી તંત્ર યોગ્ય તપાસ કરીને આવા તકલાદી કામ કરતાં કોન્ટ્રાકટર પાસેથી નાણાંની વસુલાત કરે તે જરૂરી છે. રીછો ગામમાં પાણી ભરતાની સાથે ટાંકી સાથે ચણતર ધારાશાઈ થતાં ગ્રામજનોમાં તકલાદી અને હલ્કી ગુણવત્તાની કામગીરી કરાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ત્યારે તેની તપાસ કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

### પોલીસની અમાનુષી અત્યાચાર.....

શબ્દોમાં વખોડે છે. લોકશાહીમાં આવી ઘટના કલંક સમાન છે. સડવાયેલા ગુનેગારોને સત્વરે પકડી કડકમાં કડક સજા કરવામાં આવે અને મૃતક યુવાનોના પરિવારને ન્યાય આપવામાં આવે એવી અમારી લાગણી અને માંગણી છે. ટુંક સમયમાં જો આરોપીઓને પકડી સજા કરવામાં નહીં આવે તો ચારણ શકિત સમાજ, વડોદરા ગાંધી ચીંદયા માર્ગે ન્યાય માટે આંદોલન કરવાની ફરજ પડશે. આથી લાગણીને દયાનમાં લઈ સત્વરે પગલાં ભરવા અમાટે પંચમહાલ જીલ્લાના પ્રમુખ દાદુભાઈ વી ગઢવી સહિતના આગવાનો એ માંગ કરી હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## દાહોદ નગરપાલિકા વોર્ડ નં.૧

# પ્રાથમિક સુવિધા, પીવાના પાણી તેમજ સ્માર્ટસીટી અંતર્ગત થયેલા ખોદકામ દરમિયાન ઉડતી ધૂળથી લોકો ત્રાસ્યાઃ અંડરપાસના પાણીનો કાયમી નિકાલ માથાના દુખાવા સમાન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની જાહેરાતની સાથે રાજ્યમાં આચારસંહિતા અમલમાં છે.તાલુકા જિલ્લા તેમજ નગરપાલિકાની ચૂંટણીઓને લઇ તમામ રાજકીય પક્ષો ચૂંટણીલક્ષી તૈયારીઓમાં જોતરાઈ ગયા છે. ત્યારે સમાર્ટ સીટી દાહોદમાં પણ નગરપાલિકાની ચૂંટણી યોજાવવાની હોઈ રાજકીય પક્ષોના બેનર તળે ચૂંટણી લડવા માંગતા મુરતિયાઓ પોતપોતાની રીતે પોતાના વોર્ડમાં ચૂંટણીની તૈયારીઓમાં જોરશોરથી લાગી ગયા છે. તેમજ આજથી જાહેરનામું પ્રસિદ્ધ થતાં ફોર્મ ભરવાની શરૂઆત પણ થઇ ગઈ છે. ત્યારે ગત ચૂંટણીમાં નગરપાલિકાના સુધરાઈ સભ્ય તરીકે ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા તેમના વોર્ડની પ્રજાની સુખાકારીને ધ્યાને લઈ કરેલા કામોની ગ્રાઉન્ડ રિપોર્ટ મેળવવાનો પ્રયાસ કરાતા ગત ચૂંટણીમાં જીતેલા જન પ્રતિનિધિઓએ સતત અગ્રેસર રહી પોતાના વોર્ડમાં કામ કરાવ્યાના દાવા કર્યા હતા. તેમજ હાલ કેટલાક કામો લોકડાઉનના લીધે વિલંબમાં હોવાનું જાણવા મળેલ છે. ત્યારે દાહોદ નગરપાલિકામાં કુલ ૯ વોર્ડમાં ૩૬ બેઠકો વાળી દાહોદ નગરપાલિકામાં ભાજપના ૨૨, કોગ્રેસના ૧૩ તેમજ અપક્ષમાં ૧ પ્રતિનિધિ ચૂંટાયા હતા.

દાહોદ સ્માર્ટ સીટીની જાહેરાત બાદ સ્માર્ટ સીટી અંતર્ગત વિકાસ કામોની શરૂઆત ગોદીરોડ વિસ્તારમાંથી કરવામાં આવી હતી. જેમાં કડાણા જળાશય આધારિત પીવાના પાણીની પાઇપ લાઈન,ભૂગર્ભ ગટર યોજના, ગેસ પાઈપલાઈન, વોટર સીવેજ લાઈન,સ્માર્ટ સીટી અંતર્ગત ત્રણ નવી પાણીની ટાંકી તેમજ પાણીના મીટર નાખવાની કામગીરી કરવામાં આવી હતી. તેમજ ગોદીરોડને રેલવે સ્ટેશનને જોડતા ફૂટ ઓવરબ્રિજ તેમજ નવીન રેલવે ટિકિટબારી સહિતની કામગીરી કરવામાં આવી હતી.

પ્રાથમિક સુવિધા ઝંખતી વોર્ડ ૧ ની જનતા પીવાના પાણી તેમજ સ્માર્ટસીટી અંતર્ગત થયેલા ખોદકામ દરમિયાન ઉડતી ધૂળથી ત્રાસ્યા. અંડરપાસના પાણીનો કાયમી નિકાલ માથાના દુખાવા સમાન સાબિત થયો.

આમ તો ગોદીરોડ વિસ્તારમાં વોર્ડ નંબર ૧ અને ૨ નો સમાવેશ થાય છે.અને સમાર્ટ સીટી દાહોદમાં સ્માર્ટ સીટી અંતર્ગત થયેલા કામોમાં ગોદીરોડ વિસ્તારની જનતાને સુવિધા તો ચોક્કસ મળી છે. પરંતુ કડાણા જળાશય આધારિત પાણીની યોજનામાં ચાંત્રિક ખામીઓનો સર્જન થતાં આ વિસ્તારની જનતા પાણી માટે કાયમ વલખા મારવા મજબુર થવા પામી છે. તેમાંય સ્માર્ટ સીટી અંતર્ગત પાણીના મીટર લગાવવાની શરૂઆતમાં જ પૂરતા પ્રેસરમાં પાણી આવતો ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામતા પાણીના મુદ્દે પડતા ઉપર પાટું જેવી ઘાટ વિસ્તારની પ્રજા સાથે સર્જાયું છે. જોકે પાણીના મીટરોની ફરિયાદોને ધ્યાને લઇ તંત્ર દ્વારા મીટર લગાવવાની કામગીરી હાલ સ્થગિત કરવામાં આવી છે.જોકે આ બાબતે આ વિસ્તારના કોર્પોરેટર ના જણાવ્યા અનુસાર કડાણા જળાશય દ્વારા પીવાનું પાણી પુરી પાડતી પાઇપ લાઈનમાં અવાર નવાર ચાંત્રિક ખામી સર્જાતા ચોક્કસ આ વિસ્તારની પ્રજાને દુવિધા વેઠવાનો વારો આવ્યો હતો.પરંતુ પહેલા ૫ લાખ લીટરની પાણીની ટાંકીની હતી અને હવે ૧૧ લાખ લીટર પાણીના સંગ્રહ ધરાવતી ટાંકી તેમજ ૧ કરોડ લીટર લીટર કેપિસિટી વાળું સંપ બનીને તૈયાર થઇ ગયો છે. અને આવનારા ૧૫ થી ૨૦ દિવસમાં નવી ટાંકી તેમજ કાર્યરત થતાં પાણીની સમસ્યાનો કાયમી હલ થઈ જશે. અને જો પાઈપલાઈનમાં ચાંત્રિક ખામી સર્જાતા છે. તો પણ પ્રજાને પાણીની કોઈ સમસ્યા નહિ સર્જાય તેમજ સ્માર્ટ સીટી અંતર્ગત હાલ ગોદીરોડ વિસ્તાર સહીત મીટર લગાવવાની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ ચાંત્રિક ખામીઓને કારણે આ કામગીરી હાલ સ્થગિત કરવામાં આવી છે પરંતુ ભવિષ્યમાં ચોવીસ કલાક પાણીની સપ્લાઈ આપવા માટે આ પાણીના મીટર લગાવવામાં આવી રહ્યા છે.તેમ જણાવ્યું હતું.જોકે પ્રજાની સુવિધા તેમજ ટ્રાફિકના ભારણને ઓછા કરવા માટે આ વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલા ચાકલીયા અંડરપાસમાં કાયમી ધોરણે ગંદા પાણી ભરાયેલા રહે છે. તંત્ર દ્વારા લાખો રૂપિયા ખર્ચ્યા બાદ પણ અંડરપાસમાં ગંદા પાણીનો નિકાલ ન થતા આ સમસ્યા માથાનો દુખાવા સમાન સાબિત થઈ રહી છે.

વોર્ડ નંબર ૧ માંથી જનરલ સીટ પરથી ચૂંટાયેલા કોર્પોરેટરના જણાવ્યુ હતું કે, મેં ગલાલીચાવાડ ખાતે હિન્દુ સ્મશાન બનાવવા માટે દરખાસ્ત મૂકી હતી. જેમાં સરપંચની સંમતિ મળી ગઈ છે. નવા કામોમાં તેનો વિકાસ ચોક્કસ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો તેમજ સ્માર્ટ સીટી અંતર્ગત મેઈન રોડ સ્માર્ટરોડમાં સામેલ હતો. જેમાં સીવેજ લાઈનનો કામગીરી ચાલી રહી છે. કોરોના કાળમાં લોક ડાઉનના લીધે કામગીરીમાં વિલંબ થયો છે. અને પ્રજાને ચોકકસ હાલાકી પડી છે. બીજું કડાણા પાઇપલાઇનમાં કુંડા ખાતે સંપની ત્રણેય મોટરો બળી જતા ગોદીરોડ વિસ્તારમાં ૧૩ દિવસ સુધી પાણીનો સપ્લાઈ બંધ થઇ ગઈ હતી. તેવા સમયે નગરપાલિકાના કોર્પોરેટર તરીકે અમે ૫૮ ટેન્કરો દ્વારા ઘરે ઘરે પાણી પહોંચાડ્યો હતો. લોકડાઉન દરમિયાન ૧૧૬૫ અનાજ કીટનું વિતરણ તેમજ ત્રણ મહિના સુધી સ્વખર્ચે સેનેટાઇઝ ટેન્ટની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### ધારાસભ્યની ગ્રાન્ટમાંથી પોતાના વોર્ડમાં ૧૫ નવીન રોડ સહિતની કામગીરી કરાવ્યાનો કોંગ્રેસના મહિલા કોર્પોરેટરનો દાવો

વોર્ડ નંબર એકમાંથી કોંગ્રેસ ના બેનર તળે ચૂંટાયેલી મહિલા કોર્પોરેટર માસુમાબેન ગરબાડાવાળાના જણાવ્યા અનુસાર તેઓએ પોતાના કાર્યકાળમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી પોતાના વોર્ડમાં ૧૫ જેટલાં નવીન રોડ, બે નવા બોર તેમજ બાકડા મુકાવવાની કામગીરી કર્યા હોવાનું જણાવ્યું હતુ. તેમજ પોતાના વિસ્તારની જનતાના દરેક સમસ્યાના સમાધાન માટે કાયમ હાજર રહેવા રહ્યા હોવાનું જણાવ્યું હતું.

### પોતાના વોર્ડમાં નવીન રોડ તેમજ ચાકલીયા અંડરપાસમાં ભરાયેલા ગંદા પાણીના કાયમી નિકાલ સહિતની કામગીરી કર્યાનો નગરપાલિકા પ્રમુખનો દાવો

જયારે વોર્ડ નંબર ૧ માંથી અનુસૂચિત જનજાતિ બેઠક પરથી વિજેતા અને છેલ્લા અઢી વર્ષની ટર્મ માટે નગરપાલિકા પ્રમુખ તરીકે ચૂંટાયેલા અભિષેક મેડાએ જણાવ્યું હતું કે, સ્માર્ટ સીટી અંતર્ગત ભૂગર્ભ ગટર યોજના બાદ નવા રોડ બનાવવામાં આવ્યા, મિશન કામદાર સોસાયટીની ગટર લાઈનનો કાયમી નિકાલ,ગોદી રોડ મુખ્ય રોડ પર આઈમિક્સ ટાવર ઉભા કરાવ્યા, વોર્ડ નંબર એક માં ગેસ કનેક્શનનું જોડાણ, ભૂગર્ભ ગટર કનેક્શનનો જોડાણ,સ્ટ્રોમ વોટરની કામગીરી પૂર્ણ,નવીન ટાંકીથી પાણીનું વિતરણ કરવામાં આવ્યું, અન્ડર બ્રિજની વર્ષો જૂની સમસ્યા અંગે સાંસદને રજૂઆત,કરી ગંદા પાણીનું કાયમી નિકાલ કરાવ્યું, સિદ્ધાર્થ નર્સરીથી ઉકરડી રોડ પણદા ફળીયાનો નવીન રોડ, લોકડાઉન દરમિયાન શરનાર્થીઓ માટે બારોટ ચાલમાં રસોડું બનાવી ખાવાનું પુરૂ પાડ્યું, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જનજાગૃતિ માટે સૂત્રો અને ચિત્રો દોરાવ્યા, દિવસ તેમજ રાત્રી સફાઈ સળંગ ચાલુ રાખી,સાંસદની મદદથી રેલવે ટિકિટબારી, રેલવે ફૂટ ઓવર બ્રિજ, તેમજ ૧૩ દિવસ સુધી સર્જાયેલી પાણીની સમસ્યામાં ઘેર ઘરે પાણી પહોંચાડ્યો હોવાનું દાવો કરાયો હતો.

### વોર્ડ નંબર ૧ માં પાણીના કટોકટીના સમયમાં સ્વખર્ચે ટેન્કરો દ્વારા પાણી મોકલ્યાનો પ્રીતિબેન સોલંકીનો દાવો

વોર્ડ નંબર એકમાંથી મહિલા કોર્પોરેટર તરીકે ચૂંટાયેલી તેમજ ગાર્ડન,લાઈટ વિભાગ,ઓફિસ શોપ એસ્ટાબલિસ્ટ તેમજ વોટર સપ્લાય વીભાગમાં ચેરમેન તરીકે ચૂંટાયેલી પ્રીતિબેન સોલંકી જણાવ્યા અનુસાર તેમણે સ્કાય લિફ્ટ ૨૦ મીટરની ઊંચાઈ ધરાવતી ક્રેનની કામગીરી,ગાર્ડનની કામગીરી, ત્રણ નવી ટાંકીનું આયોજન, સ્માર્ટ સીટી અંતર્ગત ભૂગર્ભ ગટર,પાણી,ગેસ, પાણીના મીટરની કામગીરી રેલવે ટીકીટ બારી ની કામગીરી અંગે સાંસદને રજૂઆત નવીન રોડના કામો તથા લાઈટના પ્રોબ્લેમ સોલ્વ કર્યા, સ્વખર્ચે પાણીના ટેન્કરો ઘરે ઘરે મોકલ્યા, ગરીબોને ધાબળા વિતરણ, સ્વખર્ચે સેનેટાઈઝર વિતરણ, સુધીની કામગીરી કર્યાનો દાવો કર્યો છે.

# ઝાલોદ કેળવણી મંડળ દ્વારા ત્રિમૂર્તિ શોપિંગ સેન્ટરનું ધાબુ બારોબાર ફાળવવામાં આવતા વિવાદ



તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ કેળવણી મંડળ દ્વારા મંડળ ની માલિકી ના શોપિંગ સેન્ટર નું ધાબુ નિયમો નેવે મૂકી અને ફાળવી દેવામાં આવ્યું હોવાની ચર્ચાઓ એ જોર પકડ્યું છે. જેને લઈને નગરજનો માં કેળવણી મંડળ ની આવા વહીવટ ને લઈને છુપો રોષ પણ જોવા મળી રહ્યો છે.

ઝાલોદ નગરની મહત્વની શૈક્ષણિક સંસ્થાઓ નું સંચાલન કરનાર ઝાલોદ કેળવણી મંડળ તેના વહીવટ થી લઈને શૈક્ષણિક સંસ્થામાં જ ચાલતા રાજકારણ ને લઈને હંમેશા ચર્ચામાં રહ્યું છે. ઝાલોદ નગર સહિત સમગ્ર પંથક માં શિક્ષણ નો વ્યાપ વધારવા માટે નો શ્રેય ધરાવનાર આ સંસ્થા છેલ્લા કેટલાય સમય થી શિક્ષણનો વેપાર કરતી સંસ્થા થઈ ગઈ હોવાનું પણ ફી થી માંડીને સંસ્થા ની મિલકતો નો અણઘડ વહીવટ થતાં લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે સંસ્થા દ્વારા મિલકત નો બારોબાર થયેલો વહીવટ નો એક નવીન કિસ્સો હાલ પ્રકાશ માં આવ્યો છે.

જેમાં કેળવણી મંડળની મિલકત એવા ત્રિમૂર્તિ શોપિંગ સેન્ટર નો બીજો માળ મંડળ દ્વારા નિયમો ને નેવે મૂકી અને કાયમી ભાડા પેટે આપી દેવામાં આવ્યો છે. કુલ ૩૭ લાખ માં આપવામાં આવેલો આ બીજો માળ આપતા પહેલા કેળવણી મંડળ દ્વારા કોઈ પણ જાહેરાત કે કોઈ પણ જાતનો આશય સ્પષ્ટ કરવામાં આવ્યો નથી. આમ કોઈ પણ નિયમની દરકાર રાખ્યા વિના જ મંડળ ના સભ્યો તથા કેટલાક હોદ્દેદારો ની મિલી ભગત થી બીજો માળ બજાર કિંમત થી ખુબ જ નીચી કીમતે બારોબાર ફાળવી દેવામાં આવ્યો હોવાની બુમ ઉઠી છે. તો મંડળ ના કેટલાક સભ્યો દ્વારા પોતાના હિત માટે મંડળના હિત ને બાજુ પર મૂકી અને આવા વહીવટો કરવામાં આવતા હોવાની ચર્ચાઓ ને લીધે છુપો રોષ નગર માં જોવા મળી રહ્યો છે.

### કારોબારી સભ્યો ને અંધારામાં રાખી અને સોદો થયો હોવાની બૂમ

કારોબારી સભ્યો ને ૩૭ લાખ રૂપીયામાં બીજો માળ આપી દિધો હોવાનું જાણમાં હતું. ત્યારે બીજો માળ ૨૫ લાખ અને ત્રીજો માળ ૧૨ લાખ એમ બે માળ ૩૭ લાખ જેટલી રકમ માં ફાળવવામાં આવ્યો હોવાનું હાલ પ્રકાશ માં આવ્યું છે. જેને લઈને નગરમાં ચર્ચાઓ એ વિવિધ જોર પકડ્યું.

### દશ વર્ષ અગાઉ પણ વિવાદ અને વ્યક્તિ એક જ હતા

દશ વર્ષ પૂર્વે ઝાલોદ ના કેળવણી મંડળમાં આ જ વિવાદ થયો હતો. ત્યારે ત્રિમૂર્તિ શોપિંગ સેન્ટર નો પહેલો માળ મંડળ ના જ પ્રમુખ ને આપી દેવામાં આવ્યો હતો અને ત્યારે પણ ભારે વિવાદ થયો હતો. ત્યારે દશ વર્ષ બાદ એ જ વ્યક્તિ ને નિયમો નેવે મૂકી અને બીજો માળ બજાર કીમત કરતા નજીવી કિંમતે ફાળવી દેવામાં આવતા ફરીથી એ જ વિવાદ આવી ને ઉભો છે. ત્યારે નગરજનો ના આટલા વિરોધ છતાં થઈ રહેલ આવા વહીવટ સામે આ વખતે કોઈ પગલાં લેવાશે કે કેમ? તે જોવાનું રહ્યું.

# સ્થાનિક સ્વરાજની ચુંટણીને લઈ દાહોદ જીલ્લામાં ૪૩૦૦ પરવાનાવાળા હથિયાર જમા થયા

દાહોદ,

સ્થાનીક સ્વરાજયની વર્ષ ૨૦૨૧ની ચુંટણીને અનુસંધાન દાહોદ જિલ્લા પોલીસે છેલ્લા ૧૫ દિવસથી ચુંટણીલક્ષી સઘન કામગીરી આરંભી છે તેના અનુસંધાન હાલ સુધી ૪૩૦૦ જેટલા હથિયારો જમા કરવામાં આવેલ છે. જે હથિયાર બાકી રહેલ છે તે હથિયાર જમા કરાવવાની કામગીરી બે દિવસની અંદર પુરી કરવાનાં આવશે તેમ દાહોદ જિલ્લા પોલીસ વડા હિતેષ જોયસર દ્વારા જણાવવામાં આવ્યું છે.

વધુમાં પોલીસ વડાએ જણાવ્યા અનુસાર, નોન વેલેબલ વોરન્ટની અત્યાર સુધીની જે બજવણી છે. ૪૩૩ જેટલા નોન વેલેબલ વોરંટની બજવણી કરી અને સંબંધિત આરોપીઓને સંબંધી કોર્ટમાં રજુ કરવામાં આવ્યાં છે. અકાયતી પગલાની કામગીરીમાં હાલ સુધીમાં ૪૫૦૦ જેટલા અટકાયતી પગલાં જિલ્લાના ૧૭ પોલીસ સ્ટેશનોએ લીધેલા છે. જેમાં પાસા અને તડીપારનો પણ સમાવેશ થાય છે. ભુતકાળમાં જે જે વ્યક્તિઓ અને જે જે વિસ્તારમાં ચુંટણીલક્ષી ગુન્હાઓ બનેલ છે તે તમામ કામોની, ફળિયાઓની વિસીટ દાહોદ જિલ્લાના અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહી છે અને તે તમામ જગ્યાઓ પર સરકારક અટકાયતી પગલાં પણ લેવામાં આવી રહ્યાં છે. વાહન ચેકીંગ પણ નિયમીત થાય છે. ચુંટણીની પ્રક્રિયા પ્રારંભ થશે ત્યાર બાદ પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ, રૂટ માર્ચ વિગેરેનું પણ આયોજન થશે. બહારથી પણ જે ફોર્સ ફાળવામાં આવશે તે ફોર્સ પણ આ બધી પ્રક્રિયામાં અત્યાર સુધી જોડાશે. આ સિવાય જે અહીંના જાણીતા ગુન્હેગારો છે જેવા કે, હિસ્ટ્રીશિટર, લિસ્ટેડ બુટલેગર, ગેમ્બલર હોય તે તમામ પર સતત રેડ કરવામાં આવેલ છે. હાલ સુધીમાં દાહોદ જિલ્લામાં પોલીસે લગભગ ૪૦ લાખથી વધુ દારૂનો મુદ્દામાલ સાથે વાહનો કબજે કરેલ છે. આ ઝુંબેશ અસરકાર રીતે ચાલુ રહેશે. સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીઓ કોઈપણ પ્રકારના ભય, લોભ, લાલચ વગર મુક્ત અને ન્યાય રીતે યોજાય અને આ લોકશાહીના પર્વમાં લોકો ભય અને ડરના અહેસાસ વગર ભાગ લે તેના અનુસંધાને પોલીસ દ્વારા કડક્માં કડક કાર્યવાહી કરવામાં આવશે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ ઉભા થતા તમામ પ્રશ્નોના બાબતે પોલીસનું વલણ સ્પષ્ટ છે. કોઈપણ વ્યક્તિએ ચુંટણી, આચાર સંહિતા અને કાયદા વિરૂધ્ધનું કામ કરવું નહી અને જો કોઈ વ્યક્તિ આ વિરૂધ્ધનું કાર્ય કરશે તો પોલીસ દ્વારા કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે, ગુન્હા દાખલ કરવામાં આવશે અને ધરપકડ કરી પાસા,તડપાર સહિતની કાર્યવાહી કરવામાં આવશે તેમ દાહોદ જિલ્લા પોલીસ વડા હિતેષ જોયસર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## સ્થાનિક સ્વરાજની ચુંટણીને લઈ સરહદી બોર્ડરો ઉપર પોલીસ બંદોબસ્ત

દાહોદ,

આગામી સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીને અનુસંધાન દાહોદ જિલ્લામાં આવેલ સરહદી બોર્ડરો પર પોલીસ દ્વારા હાલ ચાંપતો બંદોબસ્ત ગોઠવી બાજ નજર રાખવામાં આવી રહી છે. ચુંટણી શાંતિપુર્ણ માહોલમાં યોજાય અને ગેરકાયદે પ્રવૃતિઓ પર અંકુશ મેળવા તેમજ ગુન્હેગારોની અવર જવર પર સંપુર્ણ પણે હાલ નજર રાખવામાં આવી રહી છે અને ગુન્હેગારોને ઝડપી પાડવાની પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

સ્થાનીક સ્વરાજયની ચુંટણી આગામી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ યોજાનાર છે. દાહોદ જિલ્લામાં તમામ તાલુકા પંચાયતો, દાહોદ જિલ્લા પંચાયત, નગર પાલિકા વોર્ડની ચુંટણી યોજાવાની છે. આ ચુંટણીના અનુસંધાને મધ્યપ્રદેશના બંન્ને જીલ્લાઓ અલીરાજપુર અને ઝાબુઆ જિલ્લાના ઉચ્ચ પોલિસ અધિકારીઓ સાથે અગાઉ આ સંદર્ભમાં એક મીટીંગ પણ યોજાઈ હતી જેના ભાગરૂપે દાહોદ જિલ્લા પોલીસે હાલના તબક્કે હંગામી ધોરણે ૨૪ જગ્યાએ ચેકપોસ્ટ ચાલુ કરેલ છે અને આ તમામ ચેકપોસ્ટો પર સરપ્રાઈઝ વ્હીકલ ચેકીંગ ચાલુ કરવામાં આવેલ છે. ગેરકાયેદસર દારૂની કોઈ હેરાફેરી કરે નહીં. ગુન્હેગારોની અવર જવર પર સંપર્ણપણે પોલીસની બાજ નજર છે તે આરોપીઓ તમામ પકડાય તે પ્રકારની કોશીષ આ ચેકપોસ્ટો પર પોલીસ દ્વારા થઈ રહી છે. આ સાથે સાથે આ ચેકપોસ્ટોને સંલગ્ન સંબંધિત આંતરરાજય ચેકપોસ્ટો જેવી કે, અલીરાજપુર,ઝાબુઆ અને બાંસબાડાના તમામ જિલ્લા પોલીસવડાઓ સાથે દાહોદના ઉચ્ચ પોલીસ દ્વારા વાતચીત પણ કરવામાં આવેલ છે. ચુંટણીના અનુસંધાન આ જિલ્લાઓમાં પણ ચેકપોસ્ટો કાર્યરત કરી ત્યાં પણ બંદોબસ્ત મુકવામાં આવનાર છે. ટુંકમાં આ ચેકપોસ્ટના માધ્યમથી વ્યકિત અને વાહનો પર નજર રાખવા દાહોદ જિલ્લા પોલીસ સુસજ્જ છે.

## લીમખેડાના બાર ગામે પરણિતાએ પતિના ત્રાસ થી કંટાળી આપઘાતની કોશીષ કરતાં ફરિયાદ

દાહોદ,

લીમખેડા તાલુકાના બાર ગામે એક ૨૨ વર્ષીય પરણિતાને પતિ તથા સાસરી પક્ષના લોકો દ્વારા પરણિતાને શારિરીક અને માનસીક ત્રાસ આપી પતિ દ્વારા બીજી પત્નિ લઈ આવી હેરાન પરેશાન કરતાં પરણિતા દ્વારા આવા અમાનુષી ત્રાસથી વાજ આવી કોઈ ઝેર દવા ગટગટાવી આત્મહત્યા કરવાની કોશીષ કરતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

લીમખેડા તાલુકાના અગારા (ઉ) નદી ફળિયામાં પરણાવેલ ૨૨ વર્ષીય કલ્પનાબેન ભરતભાઈ બારીયાએ ગત તા.૦૪ ફેબ્રુઆરીના રોજ પોતાના પિયરમાં કોઈ ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરવાની કોશીષ કરતાં પરિવારજનો દ્વારા તેને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. સારવાર દરમ્યાન તેની તબીયતમાં સુધાર આવતાં હોસ્પિટલમાં પહોંચેલ પોલીસ દ્વારા આ પરણિતાનું નિવેદન લેતાં કલ્પનાબેને જણાવ્યું હતું કે, પતિ ભરતભાઈ બાદરભાઈ બારીયા દ્વારા તેને ફોન કરી જણાવ્યું હતું કે, શર્મીષા મારી પત્નિ રહેશે અને તારી કોઈ જરૂર નથી, તું નોકરી નથી કરતી અને તને રહેવા દેવાની નથી તેમ કહી દબાણ કરતો હતો. આ બાદ તેના સસરા બાદરભાઈ હીરાભાઈ બારીયા, સાસુ ધોળીબેન હીરાભાઈ બારીયા અને બીજી પત્નિ શર્મીષ્ઠાબેન નીનામા અવાર નવાર કલ્પનાબેનને મેણા ટોણા મારી, શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અસહ્ય ત્રાસથી વાજ આવી પોતે આ પગલું ઉઠાવ્યું હોવાનું જણાવ્યું હતું.

## લીમડી તળાવ ફળીયામાં ખેતરમાં છુપાવી રાખેલ ૧.૯૩ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાંથી પોલીસને મળેલ બાતમીના આધારે એક ખુલ્લા ખેતરની વાડના ભાગે ઓચિંતી તપાસ હાથ ધરતાં આ ખેતરમાં છુપાવી રાખેલ અને વેચાણ કરવાના ઈરાદે સંતાડી રાખેલ વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૨૦૧૬ કિંમત રૂા.૧,૯૩,૯૨૦ નો પ્રોહી જથ્થો ઝડપી પાડ્યાનું જ્યારે આ પ્રોહી રેડ દરમ્યાન પોલીસને જોઈ એક ઈસમ નાશી ગયાનું જાણવા મળે છે. ગત તા.૦૭મી ફેબ્રુઆરીના રોજ લીમડી પોલીસે તળાવ ફળિયા પુલીયાની બાજુમા ખુલ્લા ખેતની વાડના ભાગે ઓચિંતી રેડ પાડી હતી. આ દરમ્યાન ઝાલોદ તાલુકાના પીપળીચા ગામે ઉપવાસ પુલ ફળિયામાં રહેતો કલ્પેશભાઈ મેતુભાઈ તાવીચાડ પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે આ વાડમાં સંતાડી રાખેવ વિદેશી દારૂની તેમજ બીચરની પેટીઓ નંગ.૫૭ જેમાં બોટલા નંગ. ૨૦૧૬ કિંમત રૂા.૧,૯૩,૯૨૦નો પ્રોહી જથ્થો જપ્ત કરી ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ લીમડી પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તેના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## સંજેલી તાલુકા કન્યાશાળામાં બીજા તબક્કાની વેક્સિનેશનમાં શિક્ષક ભાઈ બહેનોએ કોરોના વેક્સીન લીધી

સંજેલી,

કોરોના મહામારી બાદ સૌ કોઈ લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હાલમાં દેશમાં હેલ્થ વર્કર અને ફ્રન્ટલાઇન વર્કર્સને રસી આપવામાં આવી રહી છે.બીજા તબક્કાનો કોરોના વેક્સિનેશન કાર્યક્રમ ડો.યોગેન્દ્ર રીંટોડા ની હિરોલા માંડલી કરંબા સરોરી વાસિયા પીએચસી સેન્ટરની ટીમ દ્વારા સંજેલી તાલુકા કન્યા પ્રાથમિક શાળામા વેક્સિનેશનનો કાર્યક્રમ યોજાયો હતો.જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે ગઈકાલે રસી લીધી હતી જે બાદ અફવાઓથી દૂર રહી ગેરમાર્ગે ન દોરાવું જોઈએ અને સૌ કર્મચારીઓ એ ભયમુક્ત થઈને કોરોના રસી લેવા માટેની અપીલ કરી હતી.જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરતાનભાઈ કટારા સહિત ૧૦૦ ઉપરાંત વ્યક્તિઓનુ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.સંજેલી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ રમેશભાઈ સેલોત ઉપપ્રમુખ શાંતિલાલ ગરાસિયા શૈક્ષિક મહાસંઘના પ્રમુખ સબુરભાઈ તાવિયાડ બભિ ભભિ બીટ નિરીક્ષક ધવલભાઈ પંચાલ સહિતના તાલુકાના પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષક ભાઈ બહેનો લભિ હોમગાર્ડ અને પોલીસ જવાનો તેમજ મધ્યાહન ભોજનના સંચાલક મળી કુલ સંજેલી તાલુકામાં આજે ૧૦૭ જેટલા વ્યકિતઓએ બીજા તબક્કાના રસી લીધી હતી. કોરોના વેક્સીનના કાર્યક્રમની સંજેલી તાલુકા વિકાસ અધિકારી આર સી ભૂરા ચિંઝા કનુભાઈ ભરવાડે રંધીકપુર ખાતે રસી મુકાવ્યા બાદ સંજેલી શાળાની મુલાકાત લીધી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 142

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરાની સહયોગ ક્રેડિટ સો. ફડચામાં ગયાની અફવા કરાતા લોક ટોળા ઉમટયા



- પોતાની મહામૂલી સંપતિ સોસાયટીમાં જમા કરાવ્યા બાદ આખરે હાથતાળી અપાઈ.
- વહેલી સવારથી અફવાનું બજાર ગરમ થતાં લોકટોળા ઉમટતા પોલીસ બોલાવાઈ.

ગોધરા,

પંચમહાલ જીલ્લાના વડામથક ગોધરામાં ધીરેધીરે સહકારી પ્રવૃતિ ધમધોકાર બનીને લોક વિશ્વાસ જાળવવાનો પ્રયત્ન કરાઈ રહેલો છે. જેમાં શહેરની સહકારી સંસ્થા ગણાતી એવા ગોધરા નવા બજાર ખાતે આવેલી સહયોગ ક્રેડિટ સોસાયટી છેલ્લા ઘણા વર્ષોથી ગ્રાહકોને સુવિધા પુરી પાડીને એક સહકારી ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવ્યું છે. છેલ્લા કેટલાક સમય થી વિશ્વાસ સંપાદન થતાં વહેપારી સહિતના અગ્રણીઓએ વિશ્વાસ મૂકીને સહયોગ ક્રેડીટ સોસાયટીમાં જીવના સાચવેલી થાપણ મૂકી હતી. સહકારી નિયમ પ્રમાણે યોગ્ય વ્યાજ મળવાની આશા સેવીને વહેપારીઓએ પોતાની થાપણો બેંકમાં મૂકી હતી. પરંતુ ધીરેધીરે આ ક્રેડિટ સોસાયટી એ પોતાની વિશ્વાસનીયતા ગુમાવી બેઠી હતી. જેમાં છેલ્લા ૧૦ દિવસના સમય ઉપરાંતથી બેંકમાં ખાતેદાર દ્વારા લેવડ દેવડ કરવાની માંગણી કરવામાં આવવા છતાં સોસાયટીના સંચાલકો દ્વારા નાણાકીય લેવડ દેવડ કરવામાં આવતી ન હતી. લેવડ દેવડ કરવામાં ન આવતાં વિશ્વાસુ ખાતેદારોને અઠવાડિયા ઉપરાંતનો સમય વિત્યા બાદ પોતાની મૂળી પરત ન મળતા અવિશ્વાસ પેદા થતાં આખરે સોમવારના રોજ નવા બજાર આવેલ સહયોગ ક્રેડિટ સોસાયટી સંસ્થા ઉપર વહેલી સવારે ખાતેદારોની લાઈન લાગી હતી. પોતાનો મૂલ્યવાન સંપતિ અકબંધ તથા પરત મેળવવાની સાથે ખાતેદારો ઉમટ્યા હતા. લોક ટોળા જામવાની સાથે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આવા માહોલ વચ્ચે બેન્ક બંધ થવાની જાણ થતાં જ ખાતેદારો પોતાના નાણાં લેવા માટે દોડી ગયા હતા. આવી મોંઘવારીના સમયમાં અને કોરોનાકાળ ચાલી રહ્યો છે. ત્યારે ધંધા–રોજગાર ઠપ્પ રહ્યા હતા. ત્યારે એક બાંધેને અને તેર તૂટે તેવી આર્થિક હાલાત બની રહી હતી. આવા કપરા સમયમાં જીવની જેમ સાચવેલી મૂડી આવી ગોધરાની નામાંકીત ગણાતી સહયોગ ક્રેડિટ સોસાયટીમાં થાપણ મૂકીને વ્યાજ મેળવવાનો મુનાસીબ માન્યું હતું. પરંતુ ગેરવહિવટને કારણે ક્રેડિટ સોસાયટી રાતોરાત ઉડી ગઈ અને થાપણોનો કોઈ હિસાબ ન હોવાને લઈને સાદી ભાષામાં સોસાયટી ઉડી ગઈ હોવાની અફવાઓનો બજાર ધૂમ મચાવતા ગોધરા શહેરના વિવિધ વિસ્તારમાંથી રહેતા થાપણદારોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. પોતાની જિંદગીની બચત કરેલી મૂડી ગુમાવવાની બીકે ખાતેદારો દોડી ગયા હતા. કલાકો સુધી હોબાળો સર્જાતા આખરે ખાતેદારોએ મેનેજર પાસે લેખિતમાં નાણાં ચૂકવવા અંગેની ખાતરી અપાઈ હતી. પોતાની મૂડી ચૂકવતા નહિં હોવાનો આક્ષેપ કરાતા આખરે બેન્ક સત્તાધીશોએ પોલીસ બોલાવી હતી. આવા સમયનો બેન્ક મેનેજરે બેન્ક લોકડાઉનને લઈ આર્થિક સંકડામણમાં હોવાનું કબુલ્યુ અને બેન્ક બંધ થવાના આક્ષેપો નકાર્યા હતા.

# પ્રથમ દિવસે ગોધરા નગર પાલિકાની ચુંટણીમાં ૧૨૬ ફોર્મનો ઉપાડ

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં આવેલી તાલુકા, જીલ્લા તથા ગોધરા, શહેરા નગર પાલિકાની ચુંટણીના સત્તાવાર જાહેરાત કરવામાં આવતાં રાજકીય ગરમાવો વ્યાપ્યો છે. ગોધરા પાલિકાની વિવિધ બેઠકો પૈકી પ્રથમ દિવસે ૧૨૬ જેટલા ફોર્મનો ઉપાડ થયો હતો. તેની સામે વોર્ડ નં.૯ની કદાવાર નેતા એવા સોફિયા અનવર જમાલે ફોર્મ ભરીને રાજકીય પક્ષોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. અગામી સમયમાં તબકકાવાર ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાનાર છે.

પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી જાહેર થઈ છે. ભાજપ અને કોંગ્રેસ એવા મોટી પાર્ટીના એવા ઉમેદવારો નકકી કરવામાં આવી રહ્યા છે. બન્ને પક્ષોના દાવેદાર સભ્યો એ પક્ષો સમક્ષ દાવેદારી નોંધાવી હતી. પરંતુ કોઈપણ જાતનો વાદવિવાદ ન સર્જાય અને આવા ઉમેદવારોને સરળતાથી જાહેરાત કરવાનો રસ્તો બનાવ્યો હતો. બન્ને પક્ષો તરફ થી પંચમહાલ જીલ્લામાં આવેલ સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં જંપ લાવવા માટે છેલ્લા કેટલાક દિવસો થી મન બનાવી રહ્યા હતા. અને ટીકિટ માટે માંગણી કરવામાં આવી હતી. જ્યારે સોમવારના રોજ સત્તાવાર રીતે ચુંટણીના બ્યુગલ ફુંકાયા હતા. અને ઉમેદવારોના નામની ઘોષણા કરવામાં આવનાર હોવાને લઈને સ્થાનિક લોકોની નજર આ ઉમેદવારો ઉપર પહોંચી હતી. સોમવારના રોજ ચુંટણીના ફોર્મ ભરવામાં પ્રથમ દિવસ હોવાને લઈને રાજકીય ગરમાવો વ્યાપ્યો હતો. મળતી માહિતી મુજબ ગોધરા નગર પાલિકામાં આવેલા વિવિધ વોર્ડમાંથી કુલ ૧૨૬ ઉપડયા હતા. પ્રથમ દિવસે હોવાને લઈને રાજકીય રીતે વિપક્ષને સબક શીખાડવા માટે ફોર્મ ભરીને ચુંટણી જંગમાં ઝંપલાવ્યું હતું પ્રથમ દિવસે ૧૨૬ ફોર્મ પૈકી માત્ર એક જ ઉમેદવારે પોતાની દાવેદારી નોંધાવી હતી. જેમાં અગાઉ ભાજપ તરફથી સત્તા ભોગવનાર સોફિયા અનવર જમાલે ફોર્મ ભરીને રાજકીય પક્ષોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. અગામી સમયમાં તબકકાવાર ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાનાર છે. જોકે અઠવાડિયા સુધી વિવિધ વોર્ડ માંથી ભાજપ અને કોગ્રેસ માંથી સત્તાવાર ઉમેદવાર જાહેર થવાની સાથે અપક્ષ ઉમેદવારો પણ નકકી થનાર છે.

**વોર્ડ નં.૯માં પૂર્વ ભાજપા સભ્ય સોફિયા જમાલે દાવેદારી નોંધાવી**

# ગોધરા શહેરમાં બુલેટમા સાયલેન્સર બદલી ધ્વનિ, પ્રદુષણ ફેલાવતાં ૨૧ બુલેટને ટ્રાફિક પોલીસે ડિટેઈન કર્યા



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગોધરા શહેરકમમાં બુલેટ મોટર સાયકલમાં સાયલન્સર બદલીને અવાજનું પ્રદુષણ ફેલાવતા ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હોય જેના આધારે ગોધરા શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા આવા દવનિ પ્રદુષણ ફેલાવતા ૨૧ જેટલા બુલેટ ઝડપી પાડીને ડિટેઈન કરવામાં આવતાં આવા સાયલન્સર બદલી દ્વનિ પ્રદુષણ ફેલાવતા બુલેટ ધરાવતા ચાલકોમાં ફફડાટ જોવા મળ્યો છે.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં હાલ બુલેટ મોટર સાયકલનું ઘેલું યુવાઓને લાગ્યું છે. બુલેટ માં કંપની દ્વારા આપવામાં આવેલ સાયલન્સર બદલીને ગેરકાયદેસર રીતે સાયલન્સર બદલાવમાં આવતા હોય છે. આવા સાયલન્સર ધરાવતા બુલેટના ફાયરીંગ થી દવનિ પ્રદુષણ ફેલાઈ રહ્યું છે. હાઈવે માર્ગ ઉપર આવા સાયલન્સર ધરાવતા બુલેટ પુરઝડપે હંકારી લાવીને જે રીતે સાયલન્સર માંથી અવાજનું પ્રદુષણ ફેલાવવામાં આવે છે. જેને લઈ હાવે માર્ગ ઉપર પસાર થતાં રાહદારીઓ ગભરાઈ જવાથી અકસ્માત થવાનો ભય રહેતો હોય છે. બુલેટ કંપની દ્વારા આપવામાં આવેલ સાયલેન્સરને ગેરકાયદેસર ને બદલીને આવા દવનિ પ્રદુષણ ફેલાવતા સાયલેન્સર લઈને ગોધરા શહેરમાં દવનિ પ્રદુષણ ફેલાવી રહ્યા છે. તેવા બુલેટ કાર્યવાહી કરવામાં આવે તેવી રજુઆત એડવોકેટ દ્વારા વાહન વ્યવહાર મંત્રીને લેખિતમાં કરવામાં આવી હતી. જેના આધારે પંચમહાલ જીલ્લા ગોધરા ટ્રાફિક પોલીસ દ્વારા આવા ગેરકાયદેસર સાયલેન્સર ધરાવતા બુલેટ ને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગોધરા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ગેરકાયદેસર સાયલેન્સર ધરાવતા ૨૧ જેટલા બુલેટ ઝડપી પાડીને ડીટેઈન કરવામાં આવ્યા. ડીટેઈન કરવામાં આવતાં આવા ગેરકાયદેસર સાયલેન્સર ધરાવતા બુલેટ ચાલકોમાં ફફડાટ જોવા મળ્યો છે. સાથે બુલેટમાં ગેરકાયદેસર સાયલેન્સર લગાડવામાં લાગ્યા છે.

# ગોધરા પાલિકાના વોર્ડ નં.૮માં પાણીની સમસ્યા અંગે કલેકટરને રજુઆત



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

> જે તે અધિકારી પાસે સ્થળા તપાસ કરાવી નગર પાલિકા વિસ્તારના વોર્ડ નં .૮ ના આ વિસ્તારોમાં પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તેમજ દૂષિત પાણી તેમજ દુર્ગંધ યુક્ત પાણી થી છુટકારો મળી રહે તે બાબતે આપ યોગ્ય મદદ કરશો અને આ બાબતે ત્વરિત પગલા લઈ આ સમસ્યા માટે ઘટતુ કરી આપવા માટે આ વિસ્તારના રહીશોની આપ ને રજૂઆત છે.

ગોધરા,

ચુંટણી માથે હોવાને લઈને અવારનવાર અરજદારો દ્વારા માંગણી કરવા છતાં કોઈપણ જાતના ગોધરા નગર પાલિકા દ્વારા પ્રતિસાદ નહીં સાંભળતા આખરે પાલિકાના વોર્ડ નં. ૮ ની હદમાં આવેલ ચેતનદાસ પ્લોટ, ભૂખરી પ્લોટ, કુરકુર પ્લોટ, રગડીયા પ્લોટ વિસ્તારના મકાનોમાં પીવાનું પાણી ન આવવાની સમસ્યા તથા દૂષિત પાણી તેમજ દુર્ગંધ યુક્ત પાણી આવતું હોય સત્વરે આ સમસ્યાનો નિકાલ કરવા માટે કલેકટરને રજુઆત રહિશો દ્વારા કરવામાં આવી છે.

રહિશો દ્વારા પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ગોધરા નગર પાલિકા વિસ્તારના વોર્ડ નં. ૮ ની હદમાં આવેલ ચેતનદાસ પ્લોટ, ભૂખરી લોટ, કુરકુર પ્લોટ, રગડીયા પ્લોટ, અશરફી મજીદ જેવા વિસ્તાર આવેલા છે . જે વિસ્તારમાંથી ચેતનદાસ પ્લોટ ઝકરિયા મરજીદ સુધી પીવાના પાણીની સુવિધા હાલ ઉપલબ્ધ છે. તેમજ તેનાથી આગળ આવેલ વિસ્તાર ભૂખરી પ્લોટ, અશરફી મરજીદ આગળ પીવાનું પાણી આવતું નથી અને આ સમસ્યા આ વિસ્તારમાં છેલ્લા ૩ વર્ષથી ચાલતી આવેલ છે. જે બાબતે અમો આ વિસ્તારના રહીશોએ ગોધરા નગર પાલિકાના ચીફ ઓફિસર છીની પણ વારંવાર રજુઆતો કરેલ છે. તેમ છતાં આમારી આ સમસ્યાઓનું નિરાકરણ આવેલ નથી અને ગોધરા નગર પાલિકાના સત્તાધીશો દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે. ભખરી પ્લોટ, અશરફી મરજીદ આગળ કોઈક વાર પાણી પ્રેશર હોય તો આવે છે. તે પણ દૂષિત પાણી તેમજ દુર્ગંધ યુક્ત પાણી આવતું હોય આ વિસ્તારના રહીશો આ સમસ્યાથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. જે સમસ્યા છેલ્લા ૬ માસથી આવે છે. નગર પાલિકા વિસ્તારના વોર્ડ નં. ૮ ની વિસ્તારના રહીશો એ આ બાબતે અવાર નવાર ગોધરા નગર પાલિકાના ચીફ ઓફિસર ને રજૂઆત કરવા છતાં અમો રહીશોને આ બાબતે આજ દિન સુધી યેન કેન પ્રકારે જવાબો મળી રહેલ છે અને ગોધરા નગર પાલિકાના ચીફ ઓફિસર આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં રસ દાખવી રહ્યા નથી.આ દૂષિત પાણી તેમજ દુધ યુક્ત પીવાના પાણીની સમસ્યાને લીધે અમારા વિસ્તારમાં કોલેરા તથા પેટજન્ય રોગો ફાટી નીકળવાની દહેશત રહેલી છે. અને અમો તથા અમારા વિસ્તારના રહીશો ઉપર ગંભીર રોગચારાનો ખતરો રહેલો છે. આ વિસ્તારની વસ્તી આશરે ૨૫,૦૦૦ લીકોની છે. પશ્ચિમ વિસ્તારની હદમાં આવેલ વિસ્તારોમાં બનેલ ભૂગર્ભ ગટર યોજનાની નિગરાની હાલ ટેકનીકલ માણસો વગેર થઈ રહેલ છે. જે બાબતે છેલ્લા ૮ મહિનાથી ગોધરાના ચીફ ઓફિસરને રજૂઆત કરવા છતાં આ સમસ્યા પરત્વે પણ ધ્યાન આપવામાં આવતું નથી.

# કાલોલના અડાદરા ગામે રીછો પ્રા. શાળા નજીક પીવાના પાણી સપ્લાય માટે બનેલ ટાંકીમાં પાણી ભરતા સાથે ધરાશાઈ

- ટાંકી સાથે બનેલ ચણતરવાળું હલ્કી ગુણવત્તાનું પ્લેટફોર્મ ભાર રાહત નહિ થતાં તુટી પડયું.
- હલ્કી ગુણવત્તાની કામગીરી કરી સરકારી ગ્રાન્ટમાં ખાયબી કરાઈ.

કાલોલ,

કાલોલ તાલુકાના અડાદરા ગ્રામ પંચાયત દ્વારા રીછો પ્રાથમિક શાળા નજીક આ વિસ્તારના રહિશોને પીવાના પાણીની સુવિધા માટે ટાંકી બનાવવામા આવી હતી. ૧૫ દિવસ પહેલા મુકાયેલ ટાંકીમાં પાણી ભરતાં પાણી ભરેલ ટાંકીનું વજન સહન નહિ કરી શકતા હલ્કી ગુણવત્તા થી બનેલ ચણતરવાળું પ્લેટ ફોર્મ ટાંકી સાથે ધરાશાઈ થતાં ભાગીને ભુકકો થયું હતું. તે જોતા આવી પીવાના પાણીની સરકારી યોજનામાં ચાલતા ભ્રષ્ટાચારને છતો કરી રહ્યું છે. ત્યારે તેની તપાસ કરી કાર્યવાહી થશે કેમ તે પણ પ્રશ્ન ઉઠી રહ્યો છે.

અડાદરા ગ્રામ પંચાયત દ્વારા રીછો ગામમાં પીવાના પાણીની સુવિધા ઘરે ઘરે પહોંચાડવાની સરકારી યોજના હેઠળ પાણીની ટાંકીઓ મુકવામાં આવી હતી. રીછો પ્રાથમિક શાળા નજીક ૧૫ દિવસ પહેલા પીવાના પાણીના સપ્લાય ઘર સુધી પહોંચાડવા માટે ટાંકી મુકવા માટે પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું હતું અને પ્લેટફોર્મ ઉપર કોન્ટ્રાકટર દ્વારા પાણીની ટાંકી બેસાડવામાં આવી હતી. આ પાણીની ટાંકીમાં પાણી ભરવામાં આવ્યું હતું. ૧૫ દિવસ પહેલા બનેલ ટાંકીમાં પાણી ભરતાંની સાથે પાણી ભરેલ ટાંકીનું વજન સહન નહિ કરી શકતા પાણી ભરેલ ટાંકી સાથે પ્લેટફોર્મવાળું ચણતર ધારાશાઈ થતાં પાણી ભરેલ ટાંકી સાથે

(અનુ.પાના.નં.૨)

# ગોધરા દલુની વાડી ખાતે રસીકરણ કાર્યક્રમમાં શિક્ષકો એ ઉત્સાહભેર રસી મુકાવી



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં કોવિડ ૧૯ રસીકરણનો કાર્યક્રમ પુરજોશમાં આગળ વધી રહ્યો છે નિયત કરેલા કેન્દ્રો પર શિક્ષકોને આજરોજ રસી મુકવામાં આવી હતી.જેમાં ગોધરા શહેરના દલુની વાડી પે સેન્ટર કેન્દ્ર ખાતે રસીકરણનો કાર્યક્રમ આજે રાખવામાં આવેલ જેમાં તાલુકાના પ્રાથમિક શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લઈ રસી મુકાવી હતી. આજરોજ તા.૮ ફેબ્રુઆરી એ ૧૩૯ શિક્ષકો એ રસી મુકાવી હતી.કાર્યક્રમમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.એન નાયકે મુલાકાત લઈ શિક્ષક મિત્રોનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં ગોધરા શહેરની દલુની વાડી પે સેન્ટરની શાળા ગોન્દ્રા ગુજરાતી મિશ્ર શાળાના શિક્ષકો વિનુ બામણીયા'અતીત', વ્રજેશ શાહ તથા શાળાના આચાર્ય દીપિકા બેન માળી એ રસી મુકાવી હતી. ઉલ્લેખનીય છે કે શાળાના શિક્ષકો લોકડાઉન શરૂ થયું ત્યારથી લગભગ ૬૦ દિવસ સુધી વિનુ બામણીયા અને વ્રજેશ શાહે કોરોના વોરીયર્સ તરીકે કામગીરી કરી હતી. તેમજ કોરોના બાબતે જાગૃતિ લાવવાના સતત પ્રયાસો કર્યા હતા.

# ગોધરામાં ટીબીના દર્દી માટે સેવાભાવિ એવા ઠકકર બાપાના પ્રેરણારૂપ યામીન જુજારા

ગોધરા,

ઠકકરબાપા આદિવાસી તથા ગરીબ લોકો તેમાંય ટીબીના દર્દીઓને નિમુર્લ્ક માટે આરોગ્ય તંત્રના અનેક પ્રયત્નો પ્રયત્નો નિષ્ફળ નિવડયા છે પરંતુ ગોધરા શહેરમાં રહેતા લઘુમતિ સેવાભાવિ એવા યામીન અબ્દુલ સત્તાર જુજારા પોતાનો મહત્વનો સમયગાળો આવા નિઃસહાય દર્દીઓને પુનઃજીવિત કરવાનો એક ભગીરથ કાર્ય હાથ ધરે છે. આ સામાજીક કાર્યમાં મુસ્લીમ સમાજ આરોગ્ય તંત્ર તથા સેવાભાવિ સંસ્થાઓ આ યોદ્ધા એવા યામીન જુજારાને તન મન થી મદદરૂપ થવા માટે આગળ આવ્યા છીએ.

ટીબી જેવા જીવલેણ રોગો માટે આરોગ્ય તંત્ર તથા રાજ્યની આરોગ્ય મંત્રી નિતિન પટેલ દ્વારા રોગ નિવારણ માટે નજીકના કેન્દ્રોમાં સારવાર ઉપલબ્ધ હોવા સાથે આશા વર્કરો ઘરે ઘરે આવા હઠીલા રોગોની નાબુદી માટે જાગૃતિનું કાર્ય કરી રહ્યા છીએ. સરકારે આવા સામાજીક કાર્ય થકી જાગૃતિ અભિયાન હાથ ધરવા છતાં કોઈ ફેરફાર જણાતો નથી. પરંતુ ગોધરાના સિગ્નલ ફળીયાના રહેતા યામીન જુજારા પોતાની દરજીના ધંધા સાથે એક સામાજીક કાર્ય કરીને સેવાભાવી તરીકે ઉત્તમ ઉદાહરણ પુરુ પાડી રહ્યા છીએ. ગ્રાહકી સાચવવાની સાથે ફુરસતના સમયમા આવા ટી.બી. જેવા અત્યંત ગંભીર બિમારીમાં ભોગ બનેલા દર્દીઓને સમયસર ગોળીઓ આપવા માટે વેપાર ધંધો છોડીને તેઓના બારણાં ખખડાવે છે. આવા બિમારગ્રસ્ત દર્દીઓને ઠકકરબાપા સમાન આવા હમદર્દ યામીન જુજારા પોતાનો વેપાર ધંધો છોડીને આવા ટીબી ગ્રસ્ત દર્દીઓને વ્હારે આવ્યા છે. જો આ દર્દીઓ સમયસર દવા ગોળીઓ ન લે તો સેવાભાવિ યામીનભાઈ દર્દીને સમયસર સારવાર આપી રહ્યા છે. માનવતાવાદીનું કામ કરીને એક આરોગ્ય કર્મચારી તરીકે સેવાનું કાર્ય કરતા એક નવિન મિશાલ ઉભી કરેલ છે. અને આ સેવાભાવિ કાર્યકરના હાથ હેઠળ અનેક મુસ્લીમ કાર્યકર્તાઓ આવા પિડીત દર્દીઓ માટે સેવાનું કાર્ય કરવા માટે કટીબદ્ધ બનેલ છે.

# પોલીસની અમાનુષી અત્યાચાર સામે પંચમહાલ જીલ્લાના ચારણ સમાજ દ્વારા કલેકટરને આવેદનપત્ર



ગોધરા,

પ્રમુખ ચારણ શકિત સમાજ, વડોદરા દ્વારા સમાઘોઘાના ચારણ સમાજના યુવાનો પર પોલીસ દ્વારા અમાનુષી અત્યાચારના વિરોધ બાબતે પંચમહાલ જીલ્લાના આગેવાનો એ કલેકટરને આવેદન પાઠવ્યું હતું. કલેકટરને અપાયેલા આવેદનપત્રમાં જણાવવાનું હતું કે, સમાઘોઘા, તા.મુન્દ્રાના બે નિર્દોષ ચારણ યુવાનો પર પોલીસ ખાતા દ્વારા અમાનુષી અત્યાચાર ગુજારી મોતને ઘાટ ઉતારેલ છે. જેમાં બે યુવાનોનું મૃત્યુ થયેલ છે. આ ઘટનાનો ચારણ શકિત સમાજ, વડોદરા ઘોર વિરોધ દર્શાવે છે અને ઘટનાને સખ્ત

(અનુ.પાના.નં.૨)

# શહેરામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી માટે પ્રથમ દિવસે ૧૯૧ ફોર્મનો ઉપાડ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

આજથી શહેરામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી માટે ઉમેદવારી ફોર્મનું વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પંચાયત માટે ૧૪, તાલુકાપંચાયત માટે ૧૪૮ જ્યારે નગરપાલિકા માટે ૨૯ ફોર્મ વિતરણ કરાયા. શહેરામાં આગામી ૨૮મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં રસાકસીનો જંગ જામશે તેવી શક્યતાઓ વચ્ચે શહેરા તાલુકામાં જિલ્લા પંચાયતની ૭ બેઠકો, તાલુકા પંચાયતની ૩૦ બેઠકો અને નગરપાલિકા ૨૪ બેઠકોની ચુંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થયા બાદ આજે પ્રથમ દિવસે ચુંટણી લડવા થનગની રહેલા ઉમેદવારોનો ફોર્મ લેવા માટે ધસારો જોવા મળ્યો હતો. જેમાં આજે પ્રથમ દિવસે જિલ્લા પંચાયત માટે ૧૪ ઉમેદવારી ફોર્મ,તાલુકા પંચાયત માટે ૧૪૮ ફોર્મ જ્યારે શહેરા નગરપાલિકા માટે ૨૯ જેટલા ઉમેદવારી ફોર્મનું વિતરણ કરાયું હતું.જોકે પ્રથમ દિવસે શહેરામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કુલ ૧૯૧ ફોર્મ વિતરણ કરાયા હતા. તો તેની સામે એક પણ ઉમેદવારી ફોર્મ ભરાયું નથી. જોકે આગામી ૧૩ ફેબ્રુઆરીના રોજ ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ છે. ત્યારે હજુ સુધી ભાજપ–કોંગ્રેસમાંથી ઉમેદવારોના નામોની જાહેરાત થઈ નથી.જેને લઈને હજુ કયારે ઉમેદવારોના નામ જાહેર થશે તેની રાહ જોવાઈ રહી છે.